RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 100* Date: 06.02.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ૨૧૬ ફુટ ઉંચી છે સંત રામાનુજાચાર્યજીની પ્રતિમા

# PM મોદીએ દુનિયાની બીજી સૌથી મોટી મૂર્તિનું લોકાર્પણ કર્યું



હૈદરાબાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે વસંત પંચમીના દિવસે હૈદરાબાદ પહોંચ્યા. જ્યાં વડાપ્રધાને વૈષ્ણવ સંત રામાનુજાચાર્ય સ્વામીની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી' દેશને સમર્પિત કરી. આ પ્રતિમા લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચેથી બની છે જેને રામાનુજાચાર્ય મંદિરમાં સ્થાપિત કરવામાં આવી છે. વડાપ્રધાન મોદી સાંજે ૫ વાગ્યે શમશાબાદ સ્થિત 'યજ્ઞશાળા' પહોંચીને અહીં ચાલી રહેલા ધાર્મિક અનુષ્ઠાનમાં સામેલ થયા. પુજારીઓએ તેમનું તિલક સહિતની વિધિ કરી તેમને રુદ્રાભિષેકમાં સામેલ કર્યા. ધાર્મિક અનુષ્ઠાન પછી તેમને ૧૧મી સદીના સંત અને સમાજ સુધારક રામાનુજાચાર્યની ૨૧૬ ફુટ ઉંચી પ્રતિમાનું અનાવરણ કીરને દેશને લોકાર્પિત કરી. સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી અષ્ટધાતુથી બનેલી દુનિયાની બીજી સૌથી મોટી પ્રતિમા છે. જેને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન આપવામાં આવ્યું છે. ઈક્વાલિટીની પ્રતિમાને સમર્પિત કરતા પહેલા, પીએમ મોદીએ સેમી-એરિડ ટોપિક્સ માટે આંતરરાષ્ટ્રીય એગ્રીકલ્ચર સંશોધન સંસ્થા (ICRISAT)ના સુવર્ણ જયંતિ સમારોહમાં હાજરી આપી હતી. અહીં તેમણે ડિજિટલ એગ્રીકલ્ચરને ભારતનું ભવિષ્ય ગણાવ્યું હતું. ર મોદીએ કહ્યું કે બદલાતા ભારતનું એક મહત્વનું પાસું ડિજિટલ કૃષિ છે. આ આપણું ભવિષ્ય છે અને આમાં ભારતના પ્રતિભાશાળી યુવાનો મહાન કામ કરી શકે છે. ડિજિટલ ટેક્નોલોજી વડે આપણે ખેડૂતને કેવી રીતે મજબૂત બનાવી શકીએ તે માટે ભારતમાં સતત પ્રયાસો વધી રહ્યા છે.

૧૧મી સદીના ભક્તિ શાખાના સંત શ્રી રામાનુજાચાર્યની ૨૧૬ ફૂટ ઉંચી 'સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી' પ્રતિમા સંત રામાનુજાચાર્યની યાદમાં બનાવવામાં આવી છે. રામાનુજાચાર્યએ આસ્થા, જાતિ અને સંપ્રદાય સહિત જીવનના તમામ પાસાઓમાં સમાનતાના વિચારને પ્રોત્સાહન આપ્યું હતુ. આ પ્રતિમા 'પંચધાતુ'થી બનેલી છે, જે પાંચ ધાતુઓ સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ અને જસતનું મિશ્રણ છે અને તે બેઠક સ્થિતીમાં વિશ્વની સૌથી ઊંચી ધાતુની શિલ્પોમાંની એક છે. તે ૫૪-ફુટ ઉંચા પાયાની ઈમારત પર સ્થાપિત છે, જેનું નામ 'ભદ્ર વેદી' છે. પીએમ મોદીએ આ અંગે એક ટ્વિટ કર્યુ છે. તેમણે કહ્યું, 'હું સાંજે ૫ વાગ્યે 'સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી'ના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં હાજરી આપીશ. આ શ્રી રામાનુજાચાર્ય સ્વામીને યોગ્ય શ્રદ્ધાંજલિ છે, જેમના પવિત્ર વિચારો અને ઉપદેશો આપણને પ્રેરણા આપે છે. વડાપ્રધાન કાર્યાલયના જણાવ્યા અનુસાર, ભદ્ર વેદીમાં વૈદિક ડિજિટલ લાઈબ્રેરી અને સંશોધન કેન્દ્ર, પ્રાચીન ભારતીય ગ્રંથ, એક થિયેટર, એક શૈક્ષણિક ગેલેરી, સંત રામાનુજાચાર્યની ઘણી રચનાઓની વિગતો રજૂ કરે છે.

આ પ્રતિમાની કલ્પના રામાનુજાચાર્ય આશ્રમના ચિન્ના જીયર સ્વામીએ કરી છે. કાર્યક્રમ દરમિયાન રામાનુજાચાર્યની જીવન યાત્રા અને શિક્ષણ પર ૩ઙ્ઢ પ્રેઝન્ટેશન મેપિંગ પણ કરવામાં આવશે. વડાપ્રધાન ૧૦૮ દિવ્ય દેશમ (સુશોભિત રીતે કોતરેલા મંદિરો) સમાન મનોરંજનની પણ મુલાકાત લેશે જે 'સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી'ની પ્રતિમાની આસપાસ બનેલા છે. રામાનુજાચાર્ય રાષ્ટ્રીયતા, લિંગ, જાતિ કે સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના દરેક માનવીની ભાવના સાથે લોકોના વિકાસ માટે ઘણા કામ કર્યા છે.

'સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી'ની પ્રતિમાનું ઉદ્‌ઘાટન એ રામાનુજાચાર્યની ૧૦૦૦મી જન્મજયંતી ઉજવણી એટલે કે ૧૨-દિવસીય રામાનુજ સહસ્ત્રાબ્દી ઉજવણીનો એક ભાગ છે. મેગા પ્રોજેક્ટ પર ૧૦૦૦ કરોડ ખર્ચ કરાયો છે. પ્રતિમા બનાવવામાં ૧૮૦૦ ટનથી વધુ પંચ આયર્નનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પાર્કની આસપાસ ૧૦૮ દિવ્યદેશમ કે મંદિરો બનાવવામાં આવ્યા છે. રાજસ્થાનમાં ખાસ પથ્થરના સ્તંભો વિશેષ રીતે શિલ્પ કરવામાં આવ્યા છે.રામાનુજાચાર્ય સ્વામીનો જન્મ ૧૦૧૭માં તમિલનાડુનાં શ્રીપેરુમ્બુદુરમાં થયો હતો. તેમની માતાનું નામ કાંતિમતી અને પિતાનું નામ કેશવાચાર્યુલુ હતું. ભક્તો માને છે કે આ અવતાર ખુદ ભગવાન આદિશે લીધો હતો. તેમણે કાંચી અદ્વૈત પંડિતો હેઠળ વેદાંતનું શિક્ષણ મેળવ્યું હતું. તેમણે વિશિષ્ટાદ્વૈત વિચારધારા સમજાવી અને મંદિરોને ધર્મનું કેન્દ્ર બનાવ્યું. રામાનુજને યમુનાચાર્ય દ્વારા વૈષ્ણવ દીક્ષા લીધી હતી. તેમના પરદાદા અલવંડારુ શ્રીરંગમ વૈષ્ણવ મઠના પૂજારી હતા. 'નામ્બી' નારાયણે રામાનુજને મંત્ર દીક્ષાનો ઉપદેશ આપ્યો હતો.

## ભારતીય પ્રવાસીઓને ટૂંક સમયમાં માઇક્રોચિપ આધારિત મળશે ઈ-પાસપોર્ટઃ વિદેશ મંત્રી







નવીદિલ્હી,તા.૫

વિદેશ મંત્રી એસ. જયશંકરે સંસદમાં સાંસદોને ઈ-પાસપોર્ટ વિશેની તમામ માહિતી આપી અને કહ્યું કે આ માટે બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે જેથી કરીને કોઈ પણ સંજોગોમાં ડેટા ચોરી કે હેક ન થઈ શકે.તેમણે કહ્યું કે ઈ-પાસપોર્ટ બહુ-સ્તરીય સુરક્ષા સુનિશ્ચિત કરશે, કારણ કે ડેટા કાગળ પર અને નિયમિત પાસપોર્ટની જેમ વેરિફાઈડ ચિપ્સ બંને પર હશે. આ સાથે, તેને ડિજિટલ સિગ્નેચરની ઓળખના હેતુ માટે અન્ય દેશોમાં મોકલવામાં આવશે. વર્ષ ૨૦૨૨નું બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સામાન્ય લોકો માટે ઈ-પાસપોર્ટ આપવાની જાહેરાત કરી હતી. સરકાર ભારતીય પાસપોર્ટમાં રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન ચિપ લગાવવાની તૈયારી કરી રહી છે. તેનાથી એરપોર્ટ પર ઈમિગ્રેશનમાં લાગતો સમય બચશે. ઉપરાંત, તેની નકલ કરવી સરળ રહેશે નહીં.ભારતમાં પ્રથમ ઈ-પાસપોર્ટ વર્ષ ૨૦૦૮માં પૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ માટે જારી કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં, ભારત સરકારે ૨૦,૦૦૦ થી વધુ ઈ-પાસપોર્ટ જારી કર્યા છે. સરકાર હવે તમામ નાગરિકો માટે ઈ-પાસપોર્ટ જારી કરવાની યોજના પર કામ કરી રહી છે. તે હવે જારી કરવામાં આવતા ભૌતિક પાસપોર્ટ કરતાં વધુ સુરક્ષિત હશે.

પાસપોર્ટ ધારકની વ્યક્તિગત માહિતી એક ચિપમાં ડિજિટલ રીતે સંગ્રહિત કરવામાં આવશે અને પાસપોર્ટની પુસ્તિકામાં એમ્બેડ કરવામાં આવશે. તે કોન્ટેક્ટલેસ સ્માર્ટ કાર્ડ ટેક્નોલોજીનો ઉપયોગ કરશે અને રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન ચિપ પાસપોર્ટના આગળ કે પાછળના કવરમાં એમ્બેડ કરવામાં આવશે. આમાં ઉપયોગમાં લેવાતી ચિપ યુએન (યુનાઈટેડ નેશન)ના ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશનની માર્ગદર્શિકાના આધારે માહિતી ફીડ કરશે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧.૨૭ લાખ કેસ

નવીદિલ્હી,તા.૫

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧.૨૭ લાખ નવા કેસ નોંધાયા છે. જ્યારે પોઝિટિવિટી રેટ ૮ ટકાથી નીચે ગયો છે. ભારતમાં ગઈ કાલે ૧.૪૯ લાખ નવા કેસ નોંધાયા હતા. જ્યારે ૧૦૭૨ લોકોના મોત થયા હતા. ગઈ કાલે ડેઈલી પોઝિટિવિટી રેટ ૯.૨૭ ટકા નોંધાયો હતો.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશભરમાંથી છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧,૨૭,૯૫૨ દર્દીઓ નોંધાયા છે. જ્યારે તેની સામે રિકવરી કરનારા દર્દીઓની સંખ્યા વધુ છે. એક જ દિવસમાં ૨,૩૦,૮૧૪ દર્દીઓએ કોરોનાને માત આપવામાં સફળતા મેળવી. હાલ દેશમાં ૧૩,૩૧,૬૪૮ દર્દીઓ સારવાર હેઠળ છે.

સરકારી આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસથી ૧૦૫૯ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આ સાથે અત્યાર સુધીમાં કોરોનાથી મૃત્યુનો આંકડો ૫,૦૧,૧૧૪ થઈ ગયો છે. ડેઈલી પોઝિટિવિટીની વાત કરીએ તો દેશમાં હાલ ડેઈલી પોઝિટિવિટી રેટ ૭.૯૮% થયો છે. જ્યારે કોરોનાથી રિકવરી રેટ ૯૫.૬૪ છે.

દેશમાં અત્યાર સુધીમાં ૭૩.૭૯ કોરોના ટેસ્ટ હાથ ધરવામાં આવ્યા છે. જેમાંથી ૧૬,૦૩,૮૫૬ ટેસ્ટ છેલ્લા ૨૪ કલાકમાં થયા છે. કોરોનાને પછાડવા માટે દેશમાં રસીકરણ અભિયાન પણ પૂરજોશમાં ચાલુ છે. અત્યાર સુધીમાં કોરોના રસીના ૧,૬૮,૯૮,૧૭,૧૯૯ ડોઝ આપવામાં આવ્યા છે. ગુજરાતમાં પણ કોરોનાના કેસ ઘટી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬૦૯૭ કેસ નોંધાયા. જ્યારે ૩૫ દર્દીઓએ જીવ ગુમાવ્યા. કોરોનાને માત આપીને ૧૨૧૦૫ દર્દીઓ સાજા પણ થઈ ગયા. સૌથી વધુ કેસ અમદાવાદમાં ૨૦૨૫ નવા કેસ નોંધાયા. જ્યારે વડોદરામાં ૧૫૧૨, સુરતમાં ૩૫૮ અને રાજકોટમાં ૩૭૨ નવા કેસ નોંધાયા.

## માસ્ક વિના ફરતા લોકોની ઓળખ હવે ડિવાઈસ કરશે,મેસજ આપી એલર્ટ કરશે

### કોરોના કાળમાં સરકાર તરફથી વારંવાર સુચના આપ્યા બાદ પણ જે લોકો માસ્ક વિના ફરી રહ્યાં છે તેવા લોકો માટે માસ્ક ડિટેકટર

ભોપાલ,તા.૫

કોવિડ ૧૯થી બચવાની સલાહની ઉપેક્ષા કરી જાહેર સ્થાનો પર માસ્ક નહીં પહેરનરા લોકોને યોગ્ય માર્ગ પર લાવવા માટે ઈન્દોરની જીએસ ઈસ્ટ્રીટયુટ ઓફ ટેકનોલોજી અ ેન્ડ સાયન્સ(એસજીએસઆઈટીએસ) ખાસ યંત્ર બનાવ્યું છે.માસ્ક ડિટેકરટર નામનું આ યંત્ર કોઈ જગ્યા પર માસ્ક પહેર્યા વિના ફરી રહેલા લોકોની તે સમયે ઓળખ કરી લે છે અને તાકિદે સંદેશ વગાડી તેને સતર્ક કરશે.એસજીએસઆઈટીએસ પ્રશાસનના જણાવ્યા અનુસાર સ્થાનિક પ્રશાસન આ યંત્રને શહેરના કેટલાક સ્થાનો પર લગાવવા પર વિચાર કરી રહ્યું છેએસજીએસઆટીએસની માહિતી ટેકનીકી (આઈટી) વિભાગની એસોસિએટ પ્રોફેસર પુજા ગુપ્તા અને આસિસ્ટેંટ પ્રોફેસર ઉપેન્દ્ર સિંહે આ યંત્ર બનાવ્યું છે.

ગુપ્તાએ કહ્યું કે માસ્ક ડિટેકટર સીસીટીવી કેમેરાની મદદથી કામ કરે છે વિસ્તૃત અભ્યાસ બાદ અમે ખાસ સોફટવેયર વિકસિત કર્યું છે જે તે વ્યક્તિઓની તે ક્ષણે ઓળખ કરી લેશે જે માસ્ક વિના ફરતા સીસીટીવી કેમેરાની સામેથી પસાર થશે તેમણે કહ્યું કે માસ્ક ડિટેકટર એવા લોકોને મહેરબાની કરી માસ્ક પહેરોનો સંદેશ વગાડી તાકિદે ચેતવણી આપશે તેની સાથે જ એવા લોકોની તસવીર આ યંત્રથી જોડાઈ કોમ્પ્યુટરમાં નોંધાઈ જશે.ગુપ્તાએ કહ્યું કે પ્રશાસન ઈચ્છે તો તે આ તસવીરોને પુરાવાના રૂપમાં ઉપયોગ કરી તે લોકો પર દંડ વસુલ કરવા જેવા પગલા ઉઠાવી શકે છે જે પોતાના તરફથી અન્ય લોકોના આરોગ્યને ખતરામાં નાખી જાહેર સ્થળો પર માસ્ક વિના ફરે છે.તેમણે કહ્યું કે માસ્ક ડિટેકટર બનાવવામાં અમને શરૂઆતમાં ૨૦ હજારનો ખર્ચ આવ્યો છે જો કે તેને વાણિજિયક રૂપે મોટા પાયા પર લગાવવા આવશે તો તેનો ખર્ચ ઘટી ૪,૦૦૦ રૂપિયા સુધી પહોંચી શકે છે.

ગુપ્તાએ કહ્યું કે અલગ અલગ લોકોના લગભગ ૭૫,૦૦૦ તસવીરોના પરીક્ષણ પર માસ્ક ડિટેકટરે ૯૮.૨૬ ટકા યોગ્ય પરિણામ આપ્યા છે એસજીએસઆઈટીએસ,સરકારી સહાયતા પ્રાપ્ત સંસ્થાન છે સંસ્થાનના નિદેશક રાકેશ સકસેનાએ કહ્યું કે સ્થાનીક પ્રશાસને તેમને ઈન્દોરના એક આઈટી પાર્કમાં માસ્ક ડિટેકટર લગાવવા માટે કહ્યું છે અને આ પ્રયોગ સફળ રહેશે તો શહેરના અન્ય સ્થાનો પર પણ આ યંત્રને કોવિડ ૧૯ની વિરૂધ્ધ જારી જંગમાં તહેનાત કરી શકાય છે.

## જમ્મુ-કાશ્મીરમાં બે આંતકીઓ ઠેર; બે પિસ્તોલ કબ્જે કરી

,શ્રીનગર,તા.૫

જમ્મુ કાશ્મીરના શ્રીનગર ઝકુરા વિસ્તારમાં સુરક્ષાબળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલ એક્રાઉન્ટરમાં લશ્કરી-એ-તૈયબા/ટીઆરએફના બે આતંકી માર્યા ગયા છે. હાલ એક્રાઉન્ટર જારી છે. માર્યા ગયેલ આતંકવાદીમાંથી એકની ઓળખ ઈકખાલ હાઝમના રૂપમાં થઈ છે. તે અનંતનાગના હ્સનપોરામાં હાલમાં થયેલ કોસ્ટેબલ અલી મોહમ્મદ ગણી હત્યામાં સામેલ હતો. આતંકીઓ પાસેથી બે પિસ્તોલ સહીત આપત્તીજનક સામગ્રી જપ્ત કરવામાં આવી છે.આઈજીપી કાશ્મીરે આ અંગે જાણકારી આપી.

જમ્મુ અને કાશ્મીર પોલીસના ૫૩ વર્ષીય હેડ કોન્સ્ટેબલને ગયા અઠવાડિયે અનંતનાગના હસનપોરા બિજભેરા વિસ્તારમાં તેમના ઘરની નજીક સાંજે ૫.૩૫ વાગ્યે આતંકવાદીઓ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ગનીને અનંતનાગની સરકારી મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યો જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. તેઓ કુલગામ પોલીસ સ્ટેશનમાં તૈનાત હતા.

તે જ સમયે, ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા અલ્તાફ ઠાકુરે કહ્યું, 'બિજબેહરામાં પોલીસકર્મીની હત્યાની સખત નિંદા કરીએ છીએ. તેની અસંસ્કારી, અને નિંદનીય કાર્યવાહી, પોલીસ અધિકારીઓને તાત્કાલિક હત્યારાઓને સજા કરવા વિનંતી કરે છે. જમ્મુ કાશ્મીર નેશનલ કોન્ફરન્સે ટ્વિટ કર્યુ, 'અનંતનાગના હસનપોરા વિસ્તારમાં જેકેપી હેડ કોન્સ્ટેબલ અલી મુહમ્મદ ગની પરના કાયરતાપૂર્ણ હુમલાની સ્પષ્ટ નિંદા કરું છું, જેમાં તેમણે જીવ ગુમાવ્યો. અમારી સંવેદના તેમના પરિવાર, મિત્રો અને સહકર્મીઓ સાથે છે. અલ્લાહ એમને જન્નતમાં સ્થાન આપે.'

### અમેરિકાના ઈતિહાસમાં આવું કંઈ પહેલા ક્યારેય બન્યું નથી

## અમેરિકાનું દેવું ભારતની જીડીપીના ૧૦ ગણા રકમ જેટલું

અમેરિકા,તા.૦૫

અમેરિકામાં દેવાનો મોટું કારણ કોવિડ રોગચાળા દરમિયાન સરકાર દ્વારા લેવામાં આવતું દેવું છે. યુ.એસ. સરકારે કોરોનાવાયરસના રોગચાળા દરમિયાન નાના ઉદ્યોગો, બેરોજગારો, પરિવારો અને ભાડાના આવાસમાં રહેતા લોકોને મદદ કરવા માટે ઘણા રાહત પગલાં લીધાં અને આનાથી તેના ખર્ચમાં ઘણો વધારો થયો છે. આ માટે સરકારે ઘણું દેવું કરવું પડ્યું છે. ૩૧ જાન્યુઆરી સુધીમાં અમેરિકાનું કુલ રાષ્ટ્રીય દેવું ૩૦.૦૧ ટ્રિલિયન ડોલર હતું. આ કુલ ઋણમાં જનતા અને સરકાર બંનેનું દેવું સામેલ છે.

અન્ય એક રસપ્રદ આંકડા એ છે કે આ દેવું જાન્યુઆરી ૨૦૨૦ની સરખામણીએ સાત ટ્રિલિયન ડૉલર વધ્યું છે. એટલે કે બે વર્ષમાં દેવું ભારતના જીડીપી કરતાં બમણું થઈ ગયું છે. અમેરિકામાં રાજકોષીય અને નાણાકીય નીતિ બદલાવાની છે તેવા સમયે દેવું રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. દેશની વ્યાપક અર્થવ્યવસ્થા પર તેની અસર પડી શકે છે.

યુએસ ફેડરલ રિઝર્વે પણ સંકેત આપ્યો છે કે તે ટૂંક સમયમાં રેકોર્ડબ્રેક મોંઘવારીને કાબૂમાં લેવા ટૂંકા ગાળાના વ્યાજ દરોમાં વધારો થઈ શકે છે.અમેરિકામાં મોંઘવારી ચાર દાયકામાં સૌથી વધુ છે. ઈન્વેસ્ટમેન્ટ બેંક જેપી મોર્ગનનો અહેવાલ જણાવે છે કે આ ટૂંકા ગાળાની કટોકટી નથી. પરંતુ તેનો અર્થ એ છે કે લાંબા ગાળે દેશ પર તેની અસર પડશે. આપણે પ્રમાણમાં ગરીબ બની જઈશું. યુએસ મોંઘવારી દર હાલમાં ૪૦ વર્ષની ટોચે છે. આનો સામનો કરવા માટે યુએસ ફેડરલ રિઝર્વે આવતા મહિનાથી વ્યાજદરમાં વધારો કરવાની નીતિ જાહેર કરી છે. અર્થશાસ્ત્રીઓ કહે છે કે વ્યાજદરમાં વધારો દેવાની કટોકટી વધારી શકે છે. દુનિયાના સૌથી શક્તિશાળી અને અમીર દેશ અમેરિકાના ઈતિહાસમાં આવું કંઈ પહેલા ક્યારેય બન્યું નથી. પ્રથમ વખત અમેરિકાનું રાષ્ટ્રીય દેવું ૩૦ લાખ કરોડ ડોલરને વટાવી ગયું છે. આ રકમ ભારતના વાર્ષિક જીડીપીના લગભગ ૧૦ ગણી છે. આ દેવું યુએસ જીડીપી કરતાં ઘણું વધારે છે જે લગભગ ૨૦ લાખ કરોડ ડોલર છે.

## તંત્રી સ્થાનેથી...

### ભ્રષ્ટાચારની ઉધઈથી ખવાતો દેશ



***વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં કહ્યું કે ભ્રષ્ટાચાર દેશને ઉધઈની જેમ ખોખલો કરવાનું કામ કરે છે. વડાપ્રધાનની આ વાત સાથે કોઈપણ અસહમત ન થઈ શકે. આ એક કડવી સચ્ચાઈ છે કે ભ્રષ્ટાચાર દેશની તમામ સમસ્યાઓનું મૂળ છે. ચિંતાની વાત એ છે કે ભ્રષ્ટાચાર પર લગામ લગાવવાના તમામ ઉપાયો છતાં તે ખતમ થવાનું નામ નથી લેતો. રોજેરોજ એવા સમાચારો આવતા રહે છે જેનાથી ખબર પડે છે કે એક તરફ જ્યાં લાંચખોરીનો સિલસિલો ચાલુ છે ત્યાં જ બીજી તરફ મોટા પાયે ટેક્સની ચોરી પણ થઈ રહી છે. મોટા-મોટા વેપારી કઈ રીતે ટેક્સ ચોરીમાં સંડોવાયેલા છે, તેનું ઉદાહરણ છે વિભિન્ન એજન્સીઓ તરફથી કરાતી છાપામારી દરમ્યાન કરચોરીના હેરાન કરનારા કિસ્સાઓ ઉજાગર થવા.***

***એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ટેક્સ ચોરીનું કામ ભ્રષ્ટ વેપારીઓ અને અધિકારીઓની મિલીભગતથી જ થઈ રહ્યું છે. ભ્રષ્ટાચારનો એક મોટો સ્રોત સરકારી કોન્ટ્રાક્ટ પણ છે. આ કોન્ટ્રાક્ટોમાં કમિશનખોરીના નામે કરોડો રૂપિયાની ધનરાશિ ગેરકાયદે આમથી તેમ થાય છે. પરિણામ એ છે કે જે ધન સરકારી કોષમાં જવું જોઇએ અને જેનો સદુપયોગ દેશની પ્રગતિમાં થવો જોઇએ તે ભ્રષ્ટ તત્ત્વોનાં ખિસ્સાંમાં જાય છે અને દેશની પ્રગતિમાં બાધક બની રહ્યો છે.***

***આશ્ચર્યની વાત એ છે કે નોટબંધી બાદ જે એવા તમામ નિયમ-કાયદા બન્યા જે અંતર્ગત એક નિશ્ચિત માત્રાથી વધારે રોકડ રકમની લેવડદેવડ નથી થઈ શકતી, તેનું પણ ઉલ્લંઘન થઈ રહ્યું છે. એ સમજવું કઠિન છે કે ઓનલાઇન લેવડ-દેવડનું ચલણ મોટા પાયે વધ્યા છતાં બેંકોના માધ્યમથી મોટી રકમની લેવડ-દેવડ કઈ રીતે અને કેમ થઈ રહી છે? સ્પષ્ટ છે કે સરકારે રોકડની લેવડ-દેવડને રોકવા માટે બનાવવામાં આવેલ નિયમ-કાયદા પર નવેસરથી વિચાર કરવા અને આ ક્રમમાં એ છીંડાંને બંધ કરવાની જરૂરિયાત છે જેનો ઉપયોગ ભ્રષ્ટ તત્વો કરી રહ્યાં છે.***

***સમસ્યા માત્ર આર્થિક ભ્રષ્ટાચારની જ નથી. સમસ્યા નૈતિક આચરણમાં પતનની પણ છે. આપણા રાજનેતા ચાહે જેવા દાવા કરતા હોય, ખરું તો એ જ છે કે એક મોટી સંખ્યામાં નેતાઓ એવા છે જે આર્થિક ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા છે અને નૈતિક રીતે પણ પતન પામ્યા છે. સરેરાશ રાજનેતા સમાજમાં એકજુટતાને બળ આપવાને બદલે વિભાજનકારી રીતભાતો અપનાવી રહ્યા છે. જોકે રાજનીતિ સમાજને દિશા આપવાનું કામ કરે છે, તેથી તે કોઈને કોઈ સ્તરે નેતાઓના કાર્ય વ્યવહારથી પ્રભાવિત થાય છે. કદાચ એ જ કારણ છે કે આપણા સમાજમાં એકજુટ થઈને અને પરસ્પર મતભેદોને ભૂલાવીને દેશની ઉન્નતિ માટે કર્તવ્યનું વહન કરવાનો એ ભાવ નથી દેખાતો જે જરૂરી જ નહીં, અનિવાર્ય પણ છે.***

# એક અમૃત યુગ નું સ્વપ્નુ

આ અઠવાડીએ ભારતના નાણાં પ્રધાને ૨૦૨૨ થી ૨૦૨૩ નું બઝેટ પણ બહાર પડી દીધું. થોડા વખત ઉપર વડાપ્રધાને આઝાદી નો અમૃત મોહત્સવ, એક સોનાના ભારત તરફ નો ઉત્સવની જુવણી કરી હતી. આ નવા વર્ષની જન્યુઆરીથી, હજુ હું પણ મારુ માથું ખન્જવાળી સમજવા પ્રયત્ન કરુંછું કે આ અમૃત મોહ્તવ શેનો છે અને આપણું ભારત કયા સુવર્ણ યુગ તરફ જઈ રહ્યું છે ? કદાચ રામરાજ્ય તરફ જવાના રસ્તા નું નામ હવે બદલી સુવર્ણ તરફ જવાનો માર્ગમાં બદલાય ગયો હશે! આજકાલ નામો બદલવાનો મોટો વાવડ છે. હા કદાચ આ હિંદુત્વતા ની વિચારધારાની ઉપર જો રામરાજ્ય નો કલેશ ચઢાવવામાં આવે તો કદાચ ‘અમૃત યુગ‘ તરીકે પણ વર્ણવી શકાય છે.

૨૦૧૪ ના ચૂંટણીના પ્રચારો દરમયાન ડેવલપમેન્ટ જેને આપણે વિકાસ કહીએ છીએ તેમ સાથે સાથે ગુડ ગવર્નન્સ અને બ્રષ્ટાચાર હઠાવવના વાદાઓ શું એક રામરાજ્ય તરફ જવાનો માર્ગ દેખાડયો તો હતોજ. ફક્ત નામ રામરાજ્ય ને જરા કાનો કાંન માં કહે વાતો હતો. વિચારતા એમ લાગ્યું કે ૨૦૧૪ પછી આ આખે રસ્તે જેમ પુષકળ ગરમીમાં ઝંઝાળ દેખાય તેમ આ બધાજ વાદાઓ લોકોને એક ઝાઝળ કહો કે પછી જુમલા લાગવા મંડ્યા હતા. જેમણે ધરીને જોયું તો તેમાં જે અયોધ્યા જતા સંઘીઓ નવા રામઆવતારની ધૂનમાં હતા તેમના સિવાયના બધાને લાગ્યું કે આતો ખરેખર ઝંઝાળ કરતાં વધારે તો જુમલા જ દેખાય.

આ નવા અવતારમાં જન્મેલા દાઢીવાળા રામના અવતાર ગણાતા નેતાના રામભક્ત રૂપના અવતાર વાળા બીજા દાઢી વાળાએ એપણ કહી નાખ્યું કે આ તો બધું ચુનાવી ઝુમલા જ હતા. પણ આ જાત્રાએ જતો સંઘ માનવા તૈયાર જ ન હતો. કેટલાક સમજદાર અને અનુભવી લોકોએ ચકાસણી કરી કહ્યું કે આ તો એક રાજકીય જાદુગર ની મોહમાયા છે. આ અમૃત પીવાની ધૂનમાં જનતાની અંધ ભક્તિમાં દાખલગિરી સહન ના થઈ શકી. તેમને તુર્તજ આ લોકોને ધર્મ અને દેશ વિરુધી કહી રામરાજ્ય નું અપમાન કરતાં ગણાવી સત્સંગી સંઘના ટોળાની બહાર ધકેલી દીધા.

આમ કરતાં જેમ જેમ આગળ ચાલ્યા તો અચાનક ધોધમાર વરસાદ પડે તેમ આ દાઢીવાળા બાવાએ બ્રષ્ટાચાર અને કાળુંનાણું દેશની અર્થવ્યવસ્થામાંથી કાયમી માટે નીકળવા ખાતરતીઓ આપવા મળી હતી.લોકો ઘેલમાં આવી પ્રોમીસોની વર્શાની નીચે અપાર આનંદ માંડી રહ્યા હતા કે હવે આ રામાવતાર જરૂર એવું કંઈક કરશે કે અતંગવાદીઓ નું પણ કાશળ નીકળી જશે. અચાનક જેમ વીજળી પડે તેમ એક રાત્રે પાળીતા એવા પત્રાકારોના વાદળાંઓની ગરજતા વાતાવરણમાં આ જાત્રાએ જતા સંઘીઓ ના ઉપર ડિમોનિટાઇઝેશન જેને નોટ બાંધી તરીકે પ્રખ્યાત છે તેમ પડી. વાહ પ્રભુ વાહ આ અમૃતની પેહલી વર્ષાથી ધન્ય થઇ ગયા માની ભક્તો ખુબજ નાહ્યા.

જયશ્રી નામના નારામાં તલ્લીન થયેલા આ અંધ ભક્તિમાં લોકોને છેક ઘૂંટણ સુધી પાણી આવી ગયું તેનો કોઈ ખ્યાલજ ના રહયો. સમજદાર ભક્તો પાસેના પીપળાના ઝાડ ઉપર ચઢી ગયા અને નીચે જોતા હતા કે કેટલાય ભક્ત જનોની ચુદડી, સાડી, ધોતિયું, ચમ્પલ અને ફળિયું બધું જ પણીના વહેણમાં તાણીઈ જતું જોયું. મોટા ભાગના ભક્તો બિચારા જે પોતાની ઝોળીમાં માંડ માંડ આખા જીવની મહેનતથી બચાવેલી થોડી ઘણી મૂડી અને ખાવામાટે લાવેલા થોડા રોટલા અને આચાર આ બધુજ પાણીમાં તરતું વહી જતું જોઈ રહ્યા. પણ આને કેટલાક ભક્ત વડીલોએ રામજીનો આશીર્વાદ રૂપી અમૃત છે તેમ સમજાવી સાંત્વન આપ્યું. પછી પેલા પીપળાના ઝાડ પાર ચઢી ગયેલા ચુપ ચાપ પોતાનો સમાન લઇ ને બીજા દેશમાં જતા રહેવાનો નિર્ણય કરી જતા રહ્યા. ગામથી કોટલા લોકો આવ્યા અને સમાચાર આપ્યા કે આ વાવઝોડાએ ખેતરો, શાળાઓ, દવાખાનું બધુજ તબાહ કરી નાખ્યું છે.

થોડું આગળ ચાલ્યા તો એ દાઢીવાળા સાધુઓ આવી રામ નગરીમાં અંદર જવામાટેની ય્જી નામની ફી ઉઘરાવવા મંડ્યા. વડીલોએ તેમના વખાણ કાર્ય કે એટલા સારા વિચારો વાળા છે આ બંને સાધુઓ પહેલેથી આપણી સગવડ કરી લે છે. હવે તો લોકોપા સે તો ખરેખર કશું બચ્યું જ ન હતું. પણ આ અધભક્તોના વાડીલો આ બે સાધુના વખાણ કરતાં થાકતા ન જતા.

પછી અચાનક એક ચેપી રોગ આખા કાફલામાં ફેલાયો, બંને સાધુએ બધીજ સગવડ થઇ ગઈ છે એમ કહી આ સંગી લોકોને તડપતા મૂકી બીજા ગામમાં કામ છે કહી જતા રહ્યા. મદદને નામે બીજા ગામમાંથી તેમના વેપારીઓને દવા અને સારવાર માટે મોકલ્યા.આ લોકોએ વૈદોની સાથે મળીને ખુબજ લૂંટ ચલાવી અને જેમની પાસે થોડા ઘણા પૈસા અને કપડાં હતા તે પણ લઇ લીધા. પછી આ બંને બાવાઓ પાછા આવ્યા લોકોને આશ્વાશન આપવા લાગી ગયા કે તેમના ગામ વિરીધીઓની અફવાઓ સાંભળશો નહિ.એક દિવસે બંને બાવાઓ એક પીપલાન ઝાડ નીચ જયાં આ સંઘનો પફડાવ હતો ત્યાં જાણે લોકોને પોતાની એક નવી અને સુંદર સ્કીમ બતાવી કે તેમને તેમના ગામની શાળાઓ, દવાખાના અને સરકારી મિલ્કતો અને જમીનો પાડોસી રાજ્યના વેપારીઓને સારે ભાવે વેચી દીધી છે અને પૈસા આવતા લોકોને તે મદદ થશે. લોકો ખુશ થઇ ગયા .બંને બાવાઓ લોકોને સમજાવવા લાગ્યા હે જો ગામના લોકો તેમની બાપદાદાની જમીન અને ઘર અને ખેતર આ વેપરીઓને વેચશે તો આ લોકો ત્યાં મોટા મકાનો અને શાળાઓ અને હોસ્પિટલ બાંધી લોકોને સસ્તે ભાવે સરસ સગવડો વેચી મદદ કર શકશે. સ્માર્ટ ગામ બનશે મટે લોકોને મુંબઈ અને અમેરિકા જેવા મોટા શેહરોમાં આવેલા મોટા ૨૦ કે ૫૦ માળના મકાનોના ફોટા પણ બતાવ્યા અને સમજાવ્યા કે જયારે રામ ભૂમિમાં જાત્રા કરી પાછા આવશે ત્યારે તમારું ગામ આવી એક ભવિષ્ય નગરી માં ફેરવાઈ જશે. થોડા લોકો સમજી ગયા કે આ તો આપણી જમીન અને મિલકત પડાવી આપણે નોકરિયાત કરી મોંઘુ ભણતર ને દવા દારૂ વેચી લૂંટશે. આવા લોકોને, આ અંધ ભક્તિ ના વડીલોએ ‘ડેવલોપમેન્ટ એટલે વિકાસ વિરુદ્દ જાહેર કરી બદનામ કરી કાફલામાંથી ધકેલી બહાર નાખી દીધા.

બંને બાવાઓએ દસ્તાવેજો તપાસવનાનામે બાધાં લોકોની સહીકરવી સહમતી કાગળો લઇ લીધા. સહુને રામરાજય અને સ્વર્ણ નગરીના સવ્પ્નોમાં ગૂંથવી બંને બાવાઓ ત્યાંથી નીકળી પાસેની નગરીમાં ત્યાંના લોકોને પોતા જાણે કોઈ મોટા માલધારી અને પ્રખ્યાત રાજા હોવાનો દેખાડો કરતાં હતા. બીજા ગામના લોકોએ વાવડ મોકલાવ્યા કે તમારા ગામના બે મોટા વેપરીઓ અહીં જલસાથી પૈસા ઉડાવે છે. પણ આ લોકોએ તેમને ખોટી વાતો ઉડાડતા હોય તેમ કહી ધિક્કારી નાખ્યા. લોકોને લાગ્યું કે હવે તો રામનગરી પાસેજ છે અને રામાવતાર પણ જેમ શ્રી કિર્ષ્ણે સુદામાને ભેટી પગ ધોઈ અને દર કોળિયા સાથે તેમની ગરીબી અને દુઃખો દૂર કરશે.

એટલામાં એક દેવીસવરૂપ સ્ત્રી આવી તેમની પાસે બેસી મીઢી મીઢી વાતો કરવા લાગી. કહ્યું કે પેલા બે સાધુ ઓએ એને મોકલી છે તમે જે આપેલી મિલકત અને સરકારી મિલકતના વેચાણમાંથી હવે જે ભેગું થયું છે તે તમારા દ્વ ફાયદા માટે ઉપયોગ થશે. લોકો એક ઝાડ ની નીચે ભેગા થયા. પાસેના ગામના છડી પોકારનાર અને પ્રચારકોને પહેલેથી પૈસા આપી આ જાત્રાએ જતા સંઘના લોકોની વચ્ચે ગોઠવી દેવાયા હતા. લોકોને મોટી આશા અને ઉપેક્ષા હતી કે આ બે મહાન સાધુ ઓ ખરેખર સમાજ માટે મોટી મદદ મોકલી દીધી છે અને ખરે ખર રામાવતારજ સાધુઓના વેશમાં પ્રભુએ મોકલેલ હશે. આ સંઘમાં રાહુલ નામનો એક ચાલાક છોકરો હતો અને લોકોને કાયમ ચેતવતો હતો કે આ બાવાઓ કોઈ મોટા ઉઠનગર લાગે છે. રાહુલ એક મોટા ઘરાનાનો હતો અને તેથી સભ્યતાથી લોકોસાથે વેવહાર કરતો હતો. આ રાહુલે કહ્યું હતું કે આ સંઘના લોકોની બધી મિલ્કતો અને ગામની સરકારી વ્યવસ્થા આ ઉઠાનગરો તેમના મિત્રો વેપારીઓને સસ્તે ભાવે તેમના ફાયદા માટે વેચી દેવાની ત્રેવડમાં છે. પણ આ સંઘના મુકીયાને અડકરીરીતે ઘણા લાભો મળતા હોવાથી રાહુલ ને પપ્પુ પપ્પુ અને માવડિયો છે કહી મશ્કરી કરાવતો હતો.

પેલા બેહને પોતાની પેટીમાંથી એક થોડા પન્નાઓ થોકડો કાઢી આંનદ ફાનન્દ માં વાંચવાનું શરુ કર્યું. થોડી થોડી વારે ટોળામાં ગોઠવેલા ગાઠયાઓ વાક્યે વાક્યે વાહ વાહ ના હુંકાર ભરતા હતા. લોકોનો ઉત્સાહ અને જાણવાની ઈંતેજારી વધતી જતી હતી. આ બેહને ખુબજ ભાવુક થઈ ખુબજ ગળગળા અવાજે, જાહેરાત કરી કે આ નાણાકીય વ્યવસ્થા એક અમૃત યુગ બીજા ૨૫ થી ૫૦ વર્ષો સીધું લઇ જશે. ઘરબાર, નોકરી ધંધા અને ખેતી બધું પાયમાલ સ્થિતિમાં હતું તો અચાનક આ અમૃત યુગ એક જરૃર આ રામ અવતારની અમારી શ્રદ્ધા અને પરિશ્રમ નું આ શરીર વાદ સ્વરૂપ પરિણામ છે. જેમ બાર વર્ષે બાવો બોલ્યો કે જા બીટા દુકાળ પડેગા. આ બેને ગરીબો, બેરોજગાર, ખેડૂતો કે માધ્મ વર્ગના લોકોએ જેમને બધુજ ગુમાવ્યું હતું તેમને માટે ભાગ્યેજ કઈ રાખ્યું હોય તેમ લાગ્યું ? મોટાભાગના ફાયદા તો પૈસાદાર મિત્રોની મૂડી અને મિલકત વધે તેને માટે જ વેડફાઈ જતા હોય તેમ લાગ્યું. લોકો રાહુલની સામે જોઈ રહ્યા પણ કાયા મોઢે તેને કહે કે ભૈલા તું જે કેહતો હતો તે વાત ખરે ખર સાચી નીકળી, આ બાવાઓએ ખરેખર આપણને આપણી ધાર્મિક ભાવનાઓ ઉપયોગ કરી લૂંટી લીધા છે. બીજા ગામના લોકો ને વાતની ખબર પડી તો રાહુલ ના વખાણ કરવા માંડ્યા.

હવે મોટાભાગના ભક્તો એ એમ માન્યું કે ચાલો આહી સુધી આવ્યા છીએ તો જાત્રા તો પુરી કરી લઈએ. એમ

હતુ કે રામનગરીના લોકો વાજતે ગાજે તેમનું સ્વાગત કરશે. જોયું તો મોટું નવું મંદિર હતું. આજુબાજુના જેટલા નાના મોટા મંદિરો હતા તે તોડી નાખી મોટી હોટેલો બની ગઈ હતી. જે દુકાનોમાંથી તે લોકો પ્રસાદ અને આરતીની સામગ્રી ખરીદતા હતા અને નાના વેપારીઓ જે તે જાણતા હતા તે બધાજ રોડ પર મંદિરની બહાર ગરીબીની હાલતમાં, ઘણા તો ભીખારી હાલતમાં જોયા. દયા આવી, આ ધાર્મિક યાત્રીઓએ પૂછ્યું તો બધાએ કહ્યું કે આ બંને ધૂતારા બાવાઓએ મોટું ભવ્ય મંદિર બનાવની લાલચ બતાવી અમારી જમીનો, દુકાનો હડપ કરી હોટલો બનાવી છે. મંદિરની મૂર્તિઓ દિવસો સુધી ગટરોના ગંદા પાણીમાં ધોવાતી બેફામ સ્થિતિમાં નાખી રાખી હતી. ત્યાંના ધર્મ ગુરુઓને જે વર્ષોથી સેવા આપતા હતા તેમને હડધૂત કરી તેમના મનફાવતાં લોકોને સત્તા આપીછે. અને તે લોકો પણ આજુબાજુની જમીન પણ સસ્તામાં ખરીદી મંદિરને નામે કબ્જો કઈ હેરા ફેરી કરવાનું પણ જાણવા મળ્યું છે.

સાંભળી આ સંઘીઓને કાફલો નારાજ થઈગયો એટલામાં એક ગાઈડ આવ્યો અને કહ્યું કે તે ગ્રુપ માટે અંદર જવા ડીસકાઉન્ટ વાળી ટિકિટ અને હોટેલ ની ડીલ કારવાઈ શકે તેમ છે. ને આ ભવ્ય મંદિર માટે આ બંને બાવાઓના વખાણો કરતો ગયો. પછી બોલ્યો જો બુકીંગ કરશો તો હવે મથુરાની વારિ છે ત્યાં પણ આગળથી તમારી વ્યવસ્થા કરી દઈશ.

આમ બટુક મહારાજે ભક્તોને આ અમૃત યુગની જાત્રાની કથા સત્યનારાયણ દેવ કી જઈ કરાવી પુરી કરી. ત્યાં, અચાનક કોઈએ મને ભર ઉંઘમાંથી ઉઠાડી કહ્યું કે ટેલિવિઝન પર આજે બ્રિટનના ઇન્ડિયન ચાન્સેલર સુનકજીનું નું બજેટ સેશન પાર્લિયામેન્ટ માં લાઈવ છે, જોવું નથી? હું એક અમૃત યુગ નું વર્ણન સ્વાનમાં જોઈને થથરી ગયો હતો તો આ હવે બ્રિટિનનું અને તેય એક બીજા હિન્દૂ આપેલું સાંભળવાની હવે મારામાં હિંમત જ નથી થતી. ચેનલ ફેરવુંછું તો રાહુલ ગાંધી નું પાર્લામેન્ટમાં જોરદાર ભાષણ ચાલતું હતું. જેમ કોઈ સીક્ષર મારે અને કેમ આપણે બેઠેલા ઉભા થઈને બુમ પાડીએ તમે મારા મોંમાંથી બુમ નીકળી ગઈ, વાહ રાહુલ વાહ ગુડ ઓન યુ. તરત પત્ની બોલી, તમે તો કહો છો કે રાજકારણ માં મને કોઈ જરાય રસ નથી તો આ શુંછે?

બુદ્ધદેવ પંડ્યા MBE
THOUGHT OF THE DAY
Buddhdev Pandya MBE
Mobile: 0777 629 1298
buddhdevp@googlemail.com

# પ્રભુ નામ સુમિરણનો મહિમા

કોઇપણ શબ્દ કે પ્રભુના નામનું જીભથી વારંવાર રટન કરવું તેને સુમિરણ કહેવાતું નથી. હાથમાં માળાના મણકા ફરી રહ્યા છે અને જીભથી રટન થઇ રહ્યું છે પરંતુ મન તો બીજે ક્યાંક ભટકી રહ્યું હોય તો તેને સુમિરણ કહેવાતું નથી.સુમિરણ કોઇ શબ્દ કે શબ્દોનો સમુહ જ નથી પરંતુ સદગુરૂ દ્વારા પ્રદત્ત સર્વમંગલકારી મહાવાક્ય છે,જેનું સુમિરણ ત્રિવિધ દુઃખહારી તથા સર્વ સુખકારી છે.સર્વવ્યાપક, સર્વશક્તિમાન પ્રભુ પરમાત્માને સદગુરૂ પાસેથી દ્દષ્ટિ પ્રાપ્ત કરીને સર્વત્ર જોવા એ ×જ્ઞાન'' છે અને જોયા(દર્શન કર્યા) પછી તેમને યાદ કરવા એ ×સુમિરણ'' છે.જ્ઞાન એ ગુપ્ત નિધિ છે.સદગુરૂ જ તેને પ્રગટ કરે છે પરંતુ સુમિરણના માટે સદગુરૂના દ્વારા આપવામાં આવેલ મંત્ર એ ગોપનીય નહી,પરંતુ પ્રગટ છે. હરિ પરમાત્માને જાણ્યા વિના સુમિરણનો કોઇ સાર નથી.હરિ પરમાત્માને જાણ્યા વિના ભક્તિ કે સુમિરણ થઇ શકતું નથી. રામચરીત માનસમાં ગોસ્વામી તુલસીદાસજીએ સુમિરણની મહત્તા સમજાવતાં કહ્યું છે કેઃ

કલયુગ કેવલ નામ આધારા,

સુમિર સુમિર નર ઉતરત ભવપારા..

સુમિરણનો અર્થ છે પરમ જયોતિ સ્વરૂપ પરમાત્મા તથા સાકાર સદગુરૂના પાવન ચરણો તથા સ્વરૂપનું સુમિરણ કરવું. જે વ્યક્તિ વસ્તુ કે સ્થાનને અમે જોયું નથી, ઓળખ્યું નથી,અનુભવ્યું નથી, તે વ્યક્તિ,વસ્તુ કે સ્થાનનું અમે ગમે તેટલીવાર નામ લઇએ તેમ છતાં તે ક્યારેય અમારી કલ્પના કે સુમિરણમાં આવતું નથી.યાદ હંમેશાં તેની જ આવે છે કે જેને અમે જાણીએ છીએ. જેને અમે જોઇ હોય,જેની સામે અમારી ઓળખાણ હોય તે વસ્તુ કે વ્યક્તિનું નામ લેતાં જ તેનો ચહેરો તથા સ્વરૂપ અમારા માનસ પટલ પર ચલચિત્રની જેમ અંકિત થઇ જાય છે.કહેવાનો ભાવ એ છે કેઃ જે સ્વરૂપની યાદ હંમેશાં બનેલી રહે તેને જ સુમિરણ કહેવામાં આવે છે.



જે છોકરીનું લગ્ન થઇ ગયું છે તે ભલે પોતાના માતા-પિતાના ઘેર આવી જાય પરંતુ ત્યાં આવીને પણ તે પોતાના પતિને ભુલતી નથી પછી ભલે તે પિયરમાં આવીને પોતાના પતિનું નામ ના લે.. વાતચીતમાં પણ ક્યારેય પોતાના પતિની ચર્ચા ના કરે તેમ છતાં માનસિક રીતે પોતાના પતિની યાદ હંમેશાં બનેલી રહે છે તેવી જ રીતે જે જ્ઞાની ભક્ત હોય છે જેમને સદગુરૂની કૃપાથી પ્રભુ પરમાત્માની ઓળખાણ કરી લીધી હોય છે તે આ જગતમાં રહેવા છતાં શરીરના માધ્યમથી પ્રભુ પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહેતા હોય છે.

જેમ બહેનો પાણી ભરવા માટે નદી,તળાવ કે કૂવા ઉપર જાય છે ત્યારે પાણી ભરેલું માટલું માથા ઉપર હોય છે ત્યારે ચાલતાં ચાલતાં સહેલીઓ સાથે વાતચીત કરે છે,રસ્તાની આસપાસનાં દ્દશ્યોનું અવલોકન કરે છે.આ બધાં કાર્યો કરવા છતાં તેમનું ધ્યાન સુક્ષ્મ રીતે પાણી ભરેલા માટલામાં જ રહે છે અને તેથી ડગલેને પગલે સંભાળીને ચાલે છે જેથી શરીરનું સંતુલન બનેલું રહે અને માથા ઉપરનું માટલું પડી ના જાય. પ્રભુ સુમિરણમાં પણ આવી અવસ્થા હોય છે કે તમામ કાર્યો કરવા છતાં પણ ધ્યાન પ્રભુ પરમાત્મામાં જ લાગેલું રહે છે.

×કરસે કરમ કરો વિધિ નાના,

સુરત રખો જહાં કૃપા નિધાના.''

એટલે કે સંસારનાં તમામ કાર્યો કરવા છતાં ધ્યાન એક પ્રભુ પરમાત્મામાં લાગેલું રહે, તેને જ સાચું સુમિરણ કહેવામાં આવે છે.આવા જ સુમિરણને પોતાના જીવનનું અનિવાર્ય અંગ બનાવવાની આવશ્યકતા છે. ઘણીવાર અમે પોતાને ભગવાનનું નામ ઉચ્ચારવાનું શિખવીએ છીએ અને પોપટ સિતારામ-સિતારામ બોલ્યા જ કરે છે તે રાત દિવસ નામનું રટન કર્યા જ કરે છે તેમછતાં તે પોતાના જીવનને સુંદર બનાવી શકતો નથી. પોતાને ભક્ત બનાવી શકતો નથી કારણ કે તેના સુમિરણમાં શબ્દ જ્ઞાનનો બોધ કે મનનો યોગ હોતો નથી એટલા માટે સંતો કહે છે કે

×અલ્લાહ બોલીએ ચાહે રામ બોલીએ,

પહેલે પહચાનકે ફિર નામ બોલીએ''

સુમિરણ કરવા માટે કોઇ સ્થાન કે સમયની સીમા હોતી નથી.સૂતાં જાગતાં,ઉઠતાં બેસતાં,ખાતાં પીતાં, હરતાં-ફરતાં,રાત્રે-દિવસે, નહાતાં-ધોતાં,સુખ-દુઃખ...વગેરે ગમે ત્યારે પ્રભુ સુમિરણ કરી શકાય છે. સુમિરણના માટે કોઇ પથ્ય, પરહેજ કે વિધિની પણ આવશ્યકતા નથી.નાહી ધોઇને શુદ્ધ પાક પવિત્ર ભાવથી જ ઉત્તમ સુમિરણ થાય છે તે પણ એક ભ્રાંત માન્યતા છે. સુમિરણમાં મનનું સમ્મિલિત થવું એ ખુબ જ આવશ્યક છે. સેવા..સુમિરણ..સત્સંગ આ ત્રણ કર્મ પરમાત્મા બોધ બાદ અપનાવવાનું સદગુરૂ કહે છે.આ ત્રણેને અપનાવવાથી જીવનમાં અનંત સદગુણો આવી જાય છે.ભક્તિમાર્ગમાં સેવા સુમિરણ સત્સંગમાંથી એકપણ દૂર થઇ જાય તો આનંદાનુભૂતિથી દૂર જવાય છે.સુમિરણ દાનવનું માનવ તથા માનવને દેવત્વની તરફ લઇ જાય છે.ગુરૂ પાસેથી પ્રાપ્ત ઇશારા બાદ રત્નાકર ડાકુ સુમિરણના પ્રભાવથી મહાન સંત બની ગયા. કહ્યું છે કે ઉલ્ટા નામ જપે જગ જાના,વાલ્મિકી ભયે બ્રહ્મ સમાના.. સુમિરણની દિવ્ય શક્તિની અનુભૂતિ તે ભક્તને જ થાય છે કે જેને પોતાના સદગરૂની કૃપાથી આત્મ સાક્ષાત્કાર કર્યો છે અને જે દરેક સમયે પ્રભુ પરમાત્માનો અંગસંગ અનુભવ કરે છે..

વસ્તુકે બિના નામકા કોઇ કામ નહી હોતા,

સિર્ફ નામસેં દુનિયાકા કોઇ કામ નહી હોતા,

રોગીકો લાજિમ હૈ દવાઇ ઔર હકીમ દોનો,

નુસ્ખોકી ઇબાદતસે તો આરામ નહી હોતા.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# કોર્ટોમાં ધારાસભ્યો અને સાંસદોની સામેના પડતર કેસોની સંખ્યામાં છેલ્લા સાત વર્ષોમાં ૮૬૨નો વધારો

નવીદિલ્હી,તા.૫

કોર્ટોમાં ધારાસભ્યો અને સાંસદોની સામેના પડતર કેસોની સંખ્યામાં છેલ્લા સાત વર્ષોમાં ૮૬૨નો વધારો થયો છે. અને સંખ્યા વધીને પાંચ હજારે પહોંચી ગઇ છે. સાંસદો અને ધારાસભ્યો સામેના કેસોનો ઝડપી નિકાલ આવે તે માટે વિશેષ કોર્ટોનું ગઠન કરવા માટેની અરજીની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે.

તાજેતરના આંકડા આ જ મામલા પર સુનાવણી દરમિયાન સામે આવ્યા છે. કોર્ટને સોપવામાં આવેલા આ આંકડા મુજબ ધારાસભ્યો અને સાંસદો સામેના કેસોની સંખ્યા વધતી જાય છે. અવાર નવાર દાવા થતા આવ્યા છે કે સંસદ અને વિધાનસભાને અપરાધીમૂક્ત રાખવામાં આવશે. જોકે આ આંકડાઓ સામે આવ્યા છે તે આ દાવાઓ પર અનેક સવાલો ઉભા કરી રહ્યા છે.

સુપ્રીમ કોર્ટને આ કેસોના નિકાલ માટે દાખલ થયેલી અરજીમાં એમિક્સ ક્યૂરી વિજય હંસારિયા મદદ કરી રહ્યા છે. તેઓએ આ આંકડા કોર્ટને આપ્યા હતા. કોર્ટને સોપેલી આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ડિસેંબર ૨૦૧૮માં સાંસદો અને ધારાસભ્યો સામેના કેસોની સંખ્યા ૪૧૧૦ હતી. જે ઓક્ટોબર ૨૦૨૦ સુધીમાં વધીને ૪૮૫૯ સુધી પહોંચી ગઇ હતી. જ્યારે ગયા વર્ષે ૨૦૨૧માં આંકડો ૪૯૮૪એ પહોંચી ગયો છે.

વર્ષો જુના કેસો પેન્ડિંગ છે તેની સંખ્યા પણ ઘણી છે. ૧૮૯૯ એવા કેસો છે કે જે છેલ્લા પાંચ વર્ષથી પણ જુના છે. અને ૧૪૭૫ કેસો એવા છે કે જે બે વર્ષથી પાંચ વર્ષ જુના છે. સુપ્રીમ કોર્ટ આ મામલાઓનું સતત મોનિટરિંગ પણ કરી રહી છે અને આ મામલે અનેક આદેશો પણ જારી કરી ચુકી છે. ડિસેંબર ૨૦૧૮થી લઇને અત્યાર સુધી ૨૭૭૫ મામલાઓનું નિરાકરણ કરાયું છે. તેમ છતા કુલ પેન્ડિંગ કેસોની સંખ્યા વધી ગઇ છે.

પેન્ડિંગ કેસોમાં ૩૩૨૨ કેસો મેજિસ્ટ્રેટ કોર્ટોમાં પેન્ડિંગ છે. જ્યારે ૧૬૫૧ મામલા સેશંસ કોર્ટોમાં પેન્ડિંગ છે. એમિક્સ ક્યૂરીએ એમ પણ કહ્યું હતું કે આવા મામલાઓની સુનાવણી દરરોજ થવી જોઇએ અને વચ્ચે સૃથગિત કરવામાં ન આવે તો ઝડપી નિકાલ આવી શકે. સરકારી વકીલો સહયોગ ન આપે તો રાજ્ય સરકારના મુખ્ય સચિવને તેની ફરિયાદ કરવામાં આવે અને જરૂરી પગલા ઉઠાવવામાં આવે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG..S.S.NO:- 0086

વિષય : પ્રેમસંબંધની દીવાલ ઉપર ચણતર / પ્લાસ્ટરનાં હસ્તાક્ષર.

પ્રકારઃ ગદ્ય, પદ્ય

શીર્ષક : રિડેવલપમેન્ટ

આજકાલ જ્યાં જુઓ ત્યાં પડું પડું થતાં જૂનાં કે જર્જરિત ઘરો ભોંયભેગા કરી એનાં પર નવી ઈમારત ચણવાનો વાયરો છે. રિડેવલપમેન્ટનો આ વાયરો ફક્ત જૂનાં, ખખડી ગયેલાં કે પડવાનાં વાંકે ઊભેલાં ઘરો કે ઈમારત પૂરતો જ કેમ ?? જુનાં, ખખડી ગયેલાં કે તૂટું-તૂટું થતાં સંબંધો માટે પણ જો આવો રિડેવલપમેન્ટનો એક નાનકડો પ્રયાસ થાય તો ?? એક કલ્પના ગણો કે વિચાર પણ અમલમાં મુકવા જેવો ખરો હો !

કદાચ પડવાનાં વાંકે ઉભેલી એ જર્જરિત ઇમારતને ડેમોલિશ કરી,
ફરીથી વિશ્વાસનાં મજબૂત પાયા ખોદી,
સમજદારીનું ચણતર કરી,
કોંક્રીટમાં સિમેન્ટ રેતીની સાથે થોડી લાગણી અને સંવાદ ભેળવી,
ઈચ્છા અને અપેક્ષાઓનાં ભારની ઈંટો બરાબર સમતોલ ગોઠવી,
અમથી નારાજગી પર ચૂનો લગાડી એક મધુર હાસ્યનું લીંપણ ફેરવી,
તૂટેલી સંવેદનાની ભીતર પાંપણે આંજેલા અશ્રુથી દીવાલોને ભીંજવી,
ભુલાઈ ગયેલી છતાંય મહેંકતી યાદોથી સરસ મજાનું રંગકામ કરી,
પાછું નવી ટેકનોલોજીનાં કારણે વધુ જગ્યાની શક્યતા પણ ખરી,
આટલું અમથું કરીને શું કામ એક નવી જ ઈમારત તૈયાર ન કરી શકીયે ?
ચાલને 'ઝીલ' સંબંધોની ભલે રિડેવલપ્ડ છતાંય મજબૂત ઇમારત ચણીયે.
સંબંધોની એવી ઇમારત જે ટાઢમાં કે તાપમાં, વાવાઝોડું હોય કે વરસાદમાં,
પૂર આવે કે ભૂકંપમાંય અડીખમ ટકી રહે ભલેને પાનખર આવે કે વસંતમાં..!!
ઘણી વાર માત્ર એક લાગણીભીનો સંવાદ ઘણાં બધા વાદવિવાદ દૂર કરી દેતો હોય છે બસ જરૂર છે તો માત્ર એક પ્રયાસની. તો તમે પણ તમારાં જીવનમાં આવા સંબંધોને મજબૂત કરવાં એક નાનકડો પ્રયાસ કરવાની પહેલ કરશોને ?

વૈભવી જોશી 'ઝીલ' ,સિડની, ઓસ્ટ્રેલિયા

---

NOG SS No : 0078

પ્રકાર - પદ્ય (ગીત)

વિષય - પ્રેમસંબંધની દીવાલ પર ચણતર/ પ્લાસ્ટરના હસ્તાક્ષર

હૈયાના બગીચામાં રોપાયું સુંદર બીજ,
ફૂટી કૂંપળ ને શરૂ થઈ ગઈ પાંગરવાની જીદ.
મળી થોડી ભીનાશ એ તો ફટ ઊછરી ગયું,
લીલુંછમ વાતાવરણ એને સારું ફાવી ગયું,
એવામાં મેહુલિયો વરસ્યો, ચમકી ત્યાં વીજ,
કહો તમે જ કોરું રહે પણ કોઈ એવામાં શીદ?
એલા, કોરા કાગળ પર થઈ ગઈ સુંદર છાપ,
કોણે પાડી દીધી આવીને, આવી સુંદર ભાત?
પ્રેમ-શાહીથી હસ્તાક્ષર કરવાની કેવી આ રીત!
નયનમાં વંચાય છે કે બેઉને થઈ ગઈ છે પ્રીત.
નવું નવું કંઈક જુદું જુદું થાય છે ચણતર,
મનગમતું મધુરું એવું છે મનડામાં કળતર,
હળવે હળવે ગાય છે કોઈ મસ્ત મીઠું ગીત,
રંગીન ચણેલી દીવાલો જોઈ થ્યું દલડું પુલકિત.
હૈયાના બગીચામાં રોપાયું સુંદર બીજ,
ફૂટી કૂંપળ ને શરૂ થઈ ગઈ પાંગરવાની જીદ.

શ્વેતા તલાટી

---

[NOG SS No : 0108

વિષય - પ્રેમસંબંધની દિવાલ ઉપર ચણતર

શીર્ષક - પ્રેમની અભિવ્યક્તિ

તું તારી સુંદરતાના લીધે નઈ પણ તારી એ નિર્દોષ માસૂમિયત ના લીધે મને ગમે છે.
તારો એ મેક-અપ વગરનો ચહેરો અને એ ચહેરાની કાતિલ અદાઓ મને ગમે છે..
હા... તારી એ સાદગીનો શણગાર મને ગમે છે.
તું બીજી છોકરીઓની જેમ મોઢે ઓઢણી નથી બાંધતી પણ તારી એ માથે ઓઢણી નાખવાની આદત મને ગમે છે..
હા... તારી એ સાદગીનો શણગાર મને ગમે છે.
"જીન્સ" અને "શોર્ટ" તું ક્યારેય નથી પહેરતી પણ તારો એ સાદો-સિમ્પલ ડ્રેસ જ કયામત લાવે છે.
હા... તારી એ સાદગીનો શણગાર મને ગમે છે.
તું બીજાની જેમ નાના વાળ કે વાળમાં કોઈ ફેશન નથી કરતી... પણ મને તારા એ
લાંબા વાળ અને લાંબા વાળમાં વાળેલો એ એક ચોટલો ગમે છે.
હા... તારી એ સાદગીનો શણગાર મને ગમે છે.
તારી એ આંખોમાં તારે કાજલ કે આઈ-લાઈનર લગાવવાની જરૂર નથી, મને એ તારી સાદી-સિમ્પલ દરિયા જેવી આંખો ગમે છે.
હા... તારી એ સાદગીનો શણગાર મને ગમે છે.
કોઈ એવી વસ્તુ જ નથી જે તારી સુંદરતાને વધારી શકે, તું જેવી છે એવી જ મને ખૂબ ગમે છે.
હા... તારી એ સાદગીનો શણગાર મને ગમે છે.

અર્જુન પાનસર "વનવાસી"

---

NOG SS NO - 0037

વિષય - પ્રેમ સંબંધની દીવાલ ઉપર ચણતર.

શીર્ષક - સબંધોની સંવેદનાઓ.

કોણ કહે છે, ફૂલોજ મહેકે છે.
માનવતા પણ મહેકતી હોય છે.
કોણ કહે છેપ
ગયેલાં પાછા ન આવે,
આત્મીય જનોની યાદ,
મંગલ કામનાઓ અર્પી જાય છે.
કોણ કહે છે
સબંધો બધાં સ્વાર્થના.
સબંધોની સુવાસ જીવાડી જાય છે.
કોણ કહે છે
સંવેદના વેદના બક્ષે છે.
આપણી પ્રકૃતિ જ આપણને નડે છે.
કોણ કહે છે
અડચણો અગણિત છે,
તેનું આંકલન જ ખોટું કરીએ છીએ.
કોણ કહે છે.
પ્રેમના દ્વારે ચક્ષુ હોય છે.
સ્નેહની સરવાણી હૈયાને સ્પર્શી જાય છે
કોણ કહે છે
સંબંધો આજીવન નથી ટકતાં,
અઢી અક્ષર પ્રેમમાં વિશ્વ સમાય જાય છે.
કોણ કહે છે.
ઇશ્વર ક્યાંય નથી મળતો.
આત્માનું પરમાત્માં સંગનું જોડાણ 'ઈશછે
કોણ કહે છે, ' 'પ્રેમ ' વહેચાય છે.
અત્ર,તત્ર,સર્વત્ર પ્રસરી જતો,
તે પ્રભુનો પ્રસાદ છે.
સંબંધોની સંભાળ સ્નેહનું આલિંગન,
સંવેદનાઓનું પ્લાસ્ટર પ્રેમથી કરજો,
જિંદગી બાગબાન બનશે.

હેમલતા દિવેચા " હેમ "

---

NOG SS NO 109

વિષય :-પ્રેમ સબંધની દિવાલ ઉપર પ્લાસ્ટર/ પ્લાસ્ટરના હસ્તાક્ષર

શિર્ષક :-પ્રેમ

પ્રકાર :-ગદ્ય

" ધીખેલો છો રહે વાયરો વસંતના ઈન્તજારે મેં,
કોયલને નિમંત્રણ દૈ દીધું છો વૈશાખ અવતરે.
"મહેક"

પ્રેમ પવિત્રને અદ્દભૂત સંવેદના છે,હ્રદયની ભીતર જન્મ લે,સુશોભનો કે સૌંદર્યનું આડંબર નહી,હ્રદયનું હ્રદય સાથેનું મિલન,ઐક્ય,તાદાત્મક્તા,અનુભૂતિ તેમાથી ઉછરેલ હ્રદયનો અવાજ એટલે પ્રેમ ,પ્રેમના અનેક પ્રકાર છે ભાઈબહેન ,માતપિતા,ઈશ્વર કે પ્રેયસીનો પ્રેમ હોય છે.આ બધામાં નિસ્વાર્થ પ્રેમનું સ્વરૂપ ઈશ્વરિય આનંદ આપે છે.એકાકાર થવું,તેનામય બની જવું,એકરૂપ થવું વૈચારિક મૂલ્યો એક સરખા અનુભવાવું આ બધું પ્રેમની અનુંભૂતિ છે.પ્રેમ એ લાગણીનો ઉદ્વેગ નથી અલૌકિક શક્તિ છે.જે સતત ઝંખ્યા કરે છે.

માતપિતા ભાઈબહેન વચ્ચે જન્મેલો પ્રેમ પવિત્રને લોહીના સબંધોનો હોય જેના માટે લોક સમર્પિ જવા તૈયાર હોય ,ઈશ્વર શબ્દ સાથે લગાવ હોવાના કારણે માણસ એટલો ગળાડૂબ બની જાય કે આખો સંસાર છોડવા તૈયાર થઈ જાય છે.સમાજ તૂચ્છ લાગવા માંડે છે,ભૌતિક સુખ માત્ર આનંદનું સાધન સમજવા લાગે ત્યારે સંન્યાસ ધારણ કરી માણસ સમાજને તરછોડતો હોય છે.આપણે જાણીએ છીએ કે પ્રેમ માનવજીવનને ઘણું આપે છે ને ઘણું તરછોડાવે છે.એટલે તો પ્રેમ સમર્પણ ,ત્યાગ ,બલિદાન ની ભાવના સાથે ધબકે છે.સમયે ત્રણે ભાવના પ્રેમના અદ્દભૂત અલંકારો ગમે તે સ્વરૂપે કામ કરતા,પ્રેમને સાર્થક કરે છે.અહી નતો સીમા,મર્યાદા,સમાજ,ધર્મ રોકી શકતા ન દિવાલો બનાવી શક્યા,સુવાસની જેમ પ્રસરી જાય છે,દુર્ગમ પંથોમા.,વિશ્વાસનું બીજું નામ પ્રેમ છે ને પ્રેમનું બીજું નામ વિશ્વાસ છે.

એટલે તો રામસીતા,રાધાકુષ્ણ,શિવપાર્વતી,જેવા નામો જોડાયા છે નહીત્તર આવું બન્યુ ન હોત,ઈતિહાસના અમરપાત્રો આજે ઈશ્વરિય સ્થાન ભોગવે છે.જેની પાછળ બલિદાન,
ત્યાગ ,ને સમર્પણની ભાવના ભારોભાર છલકે છે.જગ માત્ર પ્રેમ શબ્દના આધાર પર ટકી રહ્યું છે,કદાચ આ ના હોત તો જગનું કોઈ મહત્વ રહ્યુ ના હોત.પ્રેમના અદ્દભૂત તાતણે ઝીલાય રહ્યુ જગ જન્મજન્માંતરો સુધી તેના આધારે સૃષ્ટિનું સંચાલન થશેને સૃષ્ટિ ટકી રહેશે.

"પ્રેમમાં સમર્પિ થવું,કોઈ પણ ભોગે પ્રેમને ઉજાગર કરવો,ત્યાગ એટલે બન્ને પ્રેમીઓનું સુખ તેમના ત્યાગથી સંભવ હોય તો પ્રેમનો ત્યાંગ કરતા આવડવું જોઈએ ,બલિદાન
જો આપણા પ્રેમના બલિદાનથી પરીસ્થિતિઓ સુખદ નિર્માણ થતી હોય તો તમને તમારા પ્રેમનું બલિદાન દેતા આવડવું જોઈએ નહી કે તમારું.પ્રેમ અદ્દભૂત શક્તિ છે,અદ્દભૂત વિહારને અદ્દભૂત વિશ્રામો છે. માનવ જીવન પ્રેમ નામની અલૌકિક નીવના આધાર પર ટકી રહ્યું છે. છેલ્લે પંક્તિ ટાકી વાત પુરી કરું તો..

"મ્હોબત્ત ,ઈશ્ક,પ્યાર અનેકરૂપે હ્રદય છાયો,
જગ એટલે ખિલ્યુ ફુંલો જેમ અમન ભરીને.

બાબુ સંગાડા..મહેક

## ૮ ફેબ્રુઆરી, ઈન્ટરનેટ સુરક્ષા દિવસ
# ઈન્ટરનેટ, ગ્રેટ કનેક્ટ બટ હાઉ મચ ડિફેક્ટ !

વર્તમાન સમયમાં વિશ્વ આખું એક ગામડું બન્યું છે ત્યારે આ પાછળ ઈન્ટરનેટની વધુ પડતી પ્રસિદ્ધિ અને ઉપયોગીતા જવાબદાર છે તેવું ચોક્કસપણે કહી શકાય. એક રીતે જોઈએ તો ઈન્ટરનેટ ખુબ જ ઉપયોગી સાબિત થયું છે. આજે વિશ્વનાં કોઈ એક ખૂણામાં રહેતો માણસ ઈન્ટરનેટ થકી પ્રસિદ્ધિ પામી શકે છે તો બીજી તરફ લોકોનાં ધંધા રોજગાર પણ ઈન્ટરનેટ થકી વધ્યા છે, વળી આમાં દેશ આર્થિક વૃદ્ધિ પામે એ તો ખરું જ પરંતુ શું આ ઈન્ટરનેટ લોકો માટે, સમાજ માટે ખરેખર સુરક્ષિત છે ખરું ? પ્રાઈવસી પોલીસીથી લઈને ઓટીટી પ્લેટફોર્મમાં પ્રસારિત થતું કન્ટેન્ટ, અવારનવાર થતા સાઈબર ક્રાઈમ્સ શું એ જ સુરક્ષિત ઈન્ટરનેટનું પરિમાણ છે ?

ખાસ કરીને ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત થતાં કાર્યક્રમ પર નિયમન આવ્યું હોવા છતાં હજુ ગંદી ગાળો,અશ્લીલતા અને વ્યભિચાર, માંસ મટન આરોગતા દ્રશ્યો, સુરુચિ ભંગ થાય તેવા દ્રશ્યો, સનાતન સંસ્કૃતિ વિરુદ્ધના દ્રશ્યો વગેરે ઘણું બધું સતત દર્શાવવાંમાં આવે છે. અમુક કાર્યક્રમો માતા-પુત્ર, સસરા-વહુ, દિયર-ભાભી, શિક્ષક-વિદ્યાર્થીનાં પવિત્ર સંબંધને વ્યભિચારનાં સ્વરૂપે દર્શાવે છે, જે ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધ છે. આ ઉપરાંત આવા કાર્યક્રમને જોવાથી વ્યક્તિનાં માનસ પર વિકૃત અસર થાય છે. ઓટીટી પર પ્રસારિત થતાં કાર્યક્રમની નવી ગાઈડલાઈનમાં ગંદી ગાળો અને અશ્લીલતાઓને શબ્દશઃ મંજૂરી આપવામાં આવી છે,જે ચિંતાનો વિષય છે. ઓટીટીનાં કારણોસર દેશમાં હિંસા, વ્યભિચાર, નારી હિંસા, ઘરેલુ હિંસા, યૌન શોષણ, તલાક જેવા કિસ્સાઓમાં વધારો થયો છે. જ્યાં નારીને પૂજવાની વાત કરવામાં આવે છે ત્યાં વ્યભિચાર દર્શાવીને તેનું ઓટીટી દ્વારા અપમાન કરવામાં આવે છે. કોરોના મહામારીને કારણે બાળકોનું શિક્ષણ ઓનલાઈન થયું છે ત્યારે તેમને આવા પ્લેટફોર્મ પરથી દુર રાખવા ખુબ જ મુશ્કેલ બને છે. જેની તેમની માનસ પર ખરાબ અસર પડે છે. શ્રેષ્ઠ અને સ્વસ્થ સમાજનું સર્જન કરવા માટે ઈન્ટરનેટ સુરક્ષાનાં જે અધિનિયમો છે તેને પાળવું જરૂરી છે અને આવા સંચાર માધ્યમોનો બની શકે તેમ વધુમાં વધુ હકારાત્મક રીતે ઉપયોગ કરવો જોઈએ.

મિત્તલ ખેતાણી

# પંજાબ અને જમ્મુ-કાશ્મીર સહિત દેશનાં અલગ-અલગ વિસ્તારમાં ભૂકંપનાં ઝાંટકા અનુભવાયા

નવીદિલ્હી,તા.૫

આજે શનિવારે જમ્મુ-કાશ્મીરનાં કાશ્મીર ઘાટી અને જમ્મુ ડિવિઝનમાં ભૂકંપનાં જોરદાર આંચકા અનુભવાયા હતા. ભૂકંપનાં આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર આવી ગયા હતા. આ આંચકા શનિવારે સવારે ૯.૪૬ કલાકે આવ્યા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૯ હતી. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન હિન્દુ કુશ ક્ષેત્ર હોવાનું કહેવાય છે. કહેવાય છે કે, તમે ભૂકંપનાં આંચકા અનુભવો ત્યારે બિલકુલ ગભરાશો નહીં. સૌ પ્રથમ, જો તમે બિલ્ડિંગમાં હાજર છો, તો પછી બહાર આવો અને ખુલ્લામાં આવો. બિલ્ડીગમાંથી નીચે ઉતરતી વખતે લિફ્ટ દ્વારા બિલકુલ ન જવું. ભૂકંપ દરમિયાન આ તમારા માટે ખતરનાક બની શકે છે. વળી, જો બિલ્ડિંગમાંથી નીચે ઉતરવું શક્ય ન હોય, તો નજીકનાં ટેબલ, ઊંચી પોસ્ટ અથવા પલંગની નીચે છુપાવો. શનિવારે સવારે કાશ્મીર, દિલ્હી-એનસીઆર અને અન્ય વિસ્તારોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા.જમ્મુ-કાશ્મીરનાં કાશ્મીર ઘાટી અને જમ્મુ ડિવિઝનમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. ભૂકંપનાં આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર આવી ગયા હતા. લોકોનાં કહેવા પ્રમાણે, જમીન ખૂબ જ ઝડપથી હલી, જેના કારણે બધા ડરી ગયા હતા. આ પહેલા ૧૪ જાન્યુઆરીએ જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે, આજે સવારે ૯:૪૫ વાગ્યે અફઘાનિસ્તાન-તાજિકિસ્તાન સરહદી વિસ્તારમાં રિક્ટર સ્કેલ પર ૫.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપની ઊંડાઈ ૨૧૦ કિમી હતી. ભૂકંપના કારણે જાનમાલને કોઈ ખતરો હોવાના સમાચાર નથી.

## વન વિભાગે આખા રાજ્યનાં વન અધિકારીઓને આપ્યા ઓર્ડર
# વૃક્ષ કાપતા પહેલા તેમાં રહેતા પક્ષીનાં બચ્ચા, માળા અને ઈંડાને સલામત ખસેડવા
## 'એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશનનાં પંકજભાઈ બુચ દ્વારા રજુઆત

વર્તમાન સમયમાં રાજયમાં વિકાસલક્ષી યોજનાઓ માટે લગભગ તમામ જિલ્લાઓમાં મોટાપાયે વૃક્ષો કાપવામાં આવે છે અને વૃક્ષો કાપવા માટે મંજૂરી પણ આપવામાં આવે છે ત્યારે વૃક્ષોમાં હજારો પક્ષીઓ નિવાસ કરતા હોય છે. તેમને ત્યાં પોતાના માળા પણ બનાવેલા હોય છે. માળામાં બચ્ચાં રહેતા હોય છે અને પક્ષીનાં ઈંડા પણ આ માળાઓમાં હોય છે. જયારે વૃક્ષને મશીન વડે થોડી મીનીટોમાં કાપીને નાંખી દેવામાં આવે છે તે સાથે આ પક્ષી સૃષ્ટિનો ક્રૂરતાપૂર્વક નાશ થાય છે. વૃક્ષને કાપનાર સરકારી તંત્ર અથવા કોન્ટ્રાકટર આ પક્ષી સૃષ્ટિ સાથે કોઈ સબંધ ન હોવાથી તેને બચાવવામાં આવતા નથી. વૃક્ષ પડી ગયા પછી પણ પક્ષી તથા બચ્ચાંઓ કલાકો સુધી તરફડતા રહે છે, તેને ખોરાક અને પાણી સુદ્ધા મળતા નથી. જયાં સુધી કુદરતી વાવાઝોડાનો પ્રશ્ન છે, તેને આસમાની આફત સમજીને અલગ રીતે વિચારી શકાય, પંરતુ જયારે સરકારી તંત્ર દ્વારા વૃક્ષોને કાપવામાં આવે ત્યારે તેમાં વસવાટ કરતી પક્ષી સૃષ્ટિને ચોકકસપણે બચાવવાની જરૂર છે અને તે સરકારની ફરજ પણ બને છે. આ માટે પ્રિવેન્શન ઓફ



ક્રુઆલીટી ટુ એનીમલ્સ એક્ટ – ૧૯૬૦નું સેક્શન – ૨, સેક્શન – ૧૧(એ), આર્ટીકલ – ૨૧, આર્ટીકલ – ૫૧(એ)(જી) જેવી જોગવાઈઓ પણ છે. આ અનુસાર વૃક્ષને કાપી નાંખતા પહેલાં તેમાં વસવાટ કરતા પક્ષીઓ, બચ્ચાં, ઈંડા તથા માળાને બચાવી લઈ તેને સુરક્ષિત જગ્યા પર પહોંચાડવા અને તેનો કોઈપણ સંજોગોમાં નાશ ન થાય તે જોવાની તમામ કાળજી લેવાની ફરજ નાગરિકોની અને સરકારી તંત્રની બને છે. જે અંગે વૃક્ષ કાપતા પહેલા તેમાં રહેતા પક્ષીનાં બચ્ચા, માળા અને ઈંડાને સલામત ખસેડવા 'એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશન'નાં પંકજભાઈ બુચ અને ટીમ દ્વારા રજુઆત કરવામાં આવી હતી. એમની રજૂઆતને માન્ય રાખીને વનવિભાગે પણ આ અંતર્ગત સંવેદના અનુભવી અને એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશનની રજૂઆતને ધ્યાનમાં લઈને ગુજરાત રાજ્યનાં, વન્યપ્રાણી વિભાગનાં અગ્ર વન સંરક્ષક શ્યામલ ટીકાદાર દ્વારા વૃક્ષને કાપી નાંખતા પહેલાં તેમાં વસવાટ કરતા પક્ષીઓ, બચ્ચાં, ઈંડા તથા માળાને બચાવી લઈ તેને સુરક્ષિત જગ્યા પર પહોંચાડવા અને તેનો કોઈપણ સંજોગોમાં નાશ ન થાય તે જોવાની તમામ કાળજી લેવા માટે આખા રાજ્યનાં વન અધિકારીઓને પંકજભાઈ બુચની આ રજૂઆતને ધ્યાનમાં લઈને વન વિભાગે આખા રાજ્યનાં વન અધિકારીઓને ઓર્ડર આપ્યા છે.

જીવદયાનાં આ શ્રેષ્ઠતમ કામ માટે 'એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા'નાં પ્રો-બોનો એડવોકેટ તેમજ પ્રખર જીવદયા પ્રેમી શ્રી એડવોકેટશ્રી નિમિષભાઈ કાપડિયા દ્વારા પણ અંતરની પ્રસન્નતા વ્યક્ત કરાઈ હતી અને આ ઉત્કૃષ્ટ કાર્ય અંગે એનીમલ વેલ્ફેર ફાઉન્ડેશનનાં પંકજભાઈ બુચને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# કલોલમાં વિદેશ જવાના એક કિસ્સામાં ફાયરિંગની ઘટના બની

કલોલ,તા.૫

વિદેશ જવાની લ્હાયમાં લોકો એવા ઉતાળવા બની રહ્યા છે કે હવે ખૂનખરાબીની ઘટનાઓ બની રહી છે. ગાંધીનગરના કલોલમાં વિદેશ જવાના એક કિસ્સામાં ફાયરિંગની ઘટના બની છે. અમેરિકા મોકલવા બાબતમાં બબાલ થઈ હતી, અને એજન્ટે ઘરમાં ઘૂસીને ફાયરિંગ કર્યુ હતું. પોલીસે ગુનો નોંધી એક આરોપી પકડી લીધો છે. તેમજ વિવિધ ટીમો બનાવી અન્ય આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. કેનેડાની માઈનસ ૩૫ ડિગ્રી ઠંડીમાં થીજીને મોતને ભેટનાર ગુજરાતીઓનો કિસ્સો હજી તાજો જ છે. કલોલના રહેવાસીઓમાં વિદેશ જવાની ઘેલછા કેટલી છે તે હવે સામે આવી ગયુ છે. મોતના કિસ્સા બાદ હવે ફાયરિંગની ઘટના બની છે. વિદેશ મોકલતા એજન્ટના ત્રણ માણસો દ્વારા કલોલના મારુતિ બંગલોમાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

કલોલના મારૂતિ બંગલામા રહેતા વિષ્ણુ પટેલે પોતાના પરિવારના બે સભ્યોને અમેરિકા મોકલવાનુ કામ બ્રહ્મભટ્ટ દેવલ નામના એક એજન્ટને સોંપ્યુ હતું. એજન્ટ દ્વારા ૭૨ કલાકમાં વિઝા લાવી આપવાની વાત કરાઈ હતી. એજન્ટને ૧ કરોડ ૧૦લાખ ચૂકવવાનું નક્કી થયુ હતું. જે માટે વાત થયા મુજબ બંને સદસ્યો અમદાવાદથી દિલ્હી પહોંચ્યા હતા. પરંતુ બંને સદસ્યોને અમેરિકા પહોંચ્યા પહેલા એજન્ટ દ્વારા રૂપિયાની માંગણી કરાઈ હતી. એજન્ટે દિલ્હીથી ફોન કરીને પોતાના માણસને વિષ્ણુ પટેલના ઘરે મોકલ્યો હતો અને રૂપિયાની માંગણી કરી હતી. પરંતુ શરત મુજબ નક્કી થયુ હતું કે, અમેરિકા પહોંચ્યા બાદ જ રૂપિયા આપવામાં આવશે. ત્યારે એજન્ટ સાથે આ મમલે ઝઘડો થયો હતો અને ફરિયાદીએ પોતાના ભત્રીજાને દિલ્હીથી પાછો બોલાવી લીધો હતો.

એજન્ટે પોતાના ત્રણ માણસોને રૂપિયા લેવા વિષ્ણુભાઈના ઘરે મોકલ્યા હતા. ઘરમાં વિષ્ણુભાઈ, તેમના પત્ની, દીકરો અને દીકરી હાજર હતા.

# ભિલોડાના ભેટાલી ખાતે શાકભાજીના પાકોમાંથી વિવિધ ખાદ્ય ચીજો બનાવવાની તાલીમ અપાઈ

અરવલ્લી જિલ્લાના ભિલોડાના ભેટાલી ખાતે બાગાયત કચેરી દ્વારા મહિલાઓને ફળ અને શાકભાજીમાંથી વિવિધ પ્રકારની બનાવટો બનાવવા તથા શાકભાજી પરીક્ષણ અંગેનો તાલીમ કેમ્પ યોજાયો હતો.

બે દિવસીય યોજાયેલ શિબીરમાં મહિલાઓને ફળ અને શાકભાજી પાકોમાંથી બનાવટો અંગે પ્રેકટિકલ સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ટામેટા કેચપ,મિક્ષ ફ્રુટ જામ,આદુ લીબુનો સ્ક્વોશ, રોઝ શરબત, આમળાની કેન્ડી, આમળાનું અથાણું, જામફળનો સ્ક્વોશ, મરચાનું અથાણું, લીલી હળદરનું અથાણું, સફરજનની ચટણી, ટોપરાના લાડુ, ગાજરનો હલાવો, અનાનસનો સ્ક્વોશ, દાડમનો નેક્ટર અને દાડમની જેલી જેવી બનાવટોની તાલીમ આપવામાં આવી હતી જેમાં ભેટાલી ગામની ૫૦ થી વધુ મહિલાઓ જોડાઈ હતી. તાલીમને સફળ બનાવવા નાયબ બાગાયત નિયામકશ્રી બી.એ.કરપટિયાના માર્ગદર્શન હેઠળ બાગાયત અધિકારીશ્રી એ.પી.પટેલ, બાગાયત નિરીક્ષકશ્રી જે.પી.સોલંકી, તાલીમ નિષ્ણાંત સ્મિતાબેન તથા કૈલાસબેનનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો.

# માર્ચ મહિના સુધી કોરોનાની ત્રીજી લહેર ખત્મ થઈ શકે છે : આઈસીએમઆર

ન્યુદિલ્હી, તા.૦૫

ભારતમાં છેલ્લા ૨ મહિનાથી કોરોનાની ત્રીજી લહેર ચરમસીમા પર છે. છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. તેની વચ્ચે નિષ્ણાંતોએ સલાહ આપી છે કે સંક્રમણની ત્રીજી લહેર માર્ચ સુધી ખત્મ થવાની સંભાવના છે. જયારે મહારાષ્ટ્ર, દિલ્હી અને પશ્ચિમ બંગાળ સહિત ઘણા રાજયોમાં એક્ટિવ કેસની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.દેશમાં સક્રિય કેસ ઘટીને ૧૪.૩૫ લાખ થઈ ગયા છે. ICMRના એક અધિકારી મુજબ દેશના ઘણા ભાગમાં આ મહિનાના અંત સુધી ત્રીજી લહેર ઓછી થવાની સંભાવના છે.

મહારાષ્ટ્ર, દિલ્હી અને પશ્ચિમ બંગાળ રાજ્યોમાં સામે આવનારા નવા કેસોની સંખ્યા આ મહિનાના અંત સુધી ઘટશે. તેની વચ્ચે મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ શુક્રવારે કહ્યું કે માર્ચના બીજા અને ત્રીજા અઠવાડિયા સુધી મહામારીની ત્રીજી લહેર ખત્મ થઈ શકે છે. અધિકારીએ દૈનિક કેસના આંકડાનો હવાલો આપતા કહ્યું કે મુંબઈ, પૂણે, થાણે અને રાયગઢ જેવા મુખ્ય શહેરોમાં સંક્રમણ ઘટી રહ્યું છે. મહારાષ્ટ્ર સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપએ કહ્યું કે સરકાર વધારે પ્રતિબંધ નહીં લગાવે. આગામી દિવસોમાં તેને ધીરે-ધીરે ઓછા કરશે.

બે દિવસ પહેલા રાજય મંત્રીમંડળની ત્રીજી લહેરને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલા પ્રતિબંધો પર ચર્ચા કરી. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૫,૨૫૨ નવા કેસ સામે આવ્યા. ત્યારે ૭૫ લોકોએ આ સંક્રમણના કારણે પોતાના જીવ પણ ગુમાવ્યા છે. સ્વાસ્થ્ય વિભાગ દ્વારા પ્રાપ્ત જાણકારી મુજબ રાજયમાં ગુરૂવારે ઓમિક્રોન વેરિએન્ટનો એક પણ નવો કેસ નોંધાયો નથી.

અત્યાર સુધી રાજયમાં કુલ ૩,૩૩૪ ઓમિક્રોનના કેસ સામે આવી ચૂક્યા છે. તાજા આંકડા સામે આવ્યા બાદ હવે રાજયમાં કુલ ૭૭,૬૮,૮૦૦ કોરોનાના કેસ સામે આવી ચૂક્યા છે અને ૧,૪૨,૮૫૯ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. તે સિવાય રાજેશ ટોપેએ ૧૨-૧૫ વર્ષના બાળકોના રસીકરણ શરૂ કરવા માટે પણ ભાર મુક્યો છે. તેમને કહ્યું કેન્દ્રને ૧૨-૧૫ વર્ષના બાળકો માટે રસીકરણની પ્રક્રિયા શરૂ કરવી જોઈએ.

# ડાંગ જિલ્લાનો "જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ" તા.૨૪મી ફેબ્રુઆરીએ યોજાશે

આહવા તાઃ ૫

મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને, ડાંગ જિલ્લાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ માટે આગામી તા.૨૪/૦૨/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા થી શરૂ કરીને, લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નોના નિવારણ અંગે જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી ડાંગના અધ્યક્ષપણા હેઠળ, કલેકટર કચેરી, આહવાના સભાખંડમા "ફરિયાદ નિવારણ કાર્યક્રમ" યોજવામા આવનાર છે. આથી જિલ્લાની જાહેર જનતાને પોતાની ફરિયાદ કે પ્રશ્નો જે ખાતા કચેરીને લગતા હોઇ તે ખાતા કચેરીને બારોબાર તા.૧૮/૦૨/૨૦૨૨ સુધીમા મોકલી, તેની એક નકલ કલેકટરશ્રી, ડાંગને મોકલી આપવા જણાવાયુ છે. કલેકટર કચેરી ડાંગને લગતા પ્રશ્નો સિવાયના કોઇ પણ પ્રશ્ન, સીધા કલેકટર કચેરી ડાંગને મોકલવા નહી.

ન્યાયની કોર્ટમા ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જયુડીશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમા લક્ષમા લેવામા આવશે નહિ. અરજદારએ એક જ પ્રશ્ન, સંપૂર્ણ વિગતોસહ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમા રજુ કરવાના રહેશે. રજુ કરવામા આવનાર પ્રશ્નોના કવર ઉપર "જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪/૦૨/૨૦૨૨" એમ અચૂક લખવા અને ફરિયાદ નિવારણ કાર્યક્રમના દિવસે અરજદારે ઉકત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા અનુરોધ કરાયો છે.

નરેન્દ્ર પવાર,આહવા ડાંગ

## ડાંગ વન વિભાગની વઘઇ તથા ચીંચીનાગાવઠા રેન્જના

# ૫૦૮ લાભાર્થીઓને ૨૩ લાખથી વધુના સાધન સહાયનુ વિતરણ કરાયુ




આહવા તાઃ ૫ઃ

દક્ષિણ ડાંગ વન વિભાગ હસ્તકની વઘઇ તથા ચીંચીનાગાવઠા રેન્જના જુદા જુદા ત્રણ ગામોની વન મંડળીઓના કુલ ૫૦૮ સભાસદોને ? ૨૩ લાખ ૧૯ હજાર ૧૮૦ થી વધુની રકમના વિવિધ લાભો એનાયત કરાયા છે.

દક્ષિણ ડાંગના નાયબ વન સંરક્ષક શ્રી નિલેશ પંડ્યા તરફથી મળેલી વિગતો અનુસાર, 'વનલક્ષ્મી યોજના' અંતર્ગત વઘઇની મંડળીના ૨૦૮ સભાસદોને ? ૧૦,૪૧,૧૮૦/- ની કિંમતની પાણીની ટાંકી, ચીંચીનાગાવઠા રેન્જના ચીકાર ગામની મંડળીના ૨૦૦ લાભાર્થીઓને ?.૫,૫૨,૦૦૦/- ની કિંમતની તાડપત્રી, તથા પીમ્પરીની મંડળીના ૩૦૦ સભાસદોને ?.૭,૨૬,૦૦૦/- ની કિંમતના વિવિધ સાધન સહાય અર્પણ કરાયા છે. વઘઇ પાસે આવેલા રાજેન્દ્રપુર ખાતે યોજાયેલા આ સાધન સહાય વિતરણ કાર્યક્રમમા ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ સહિત સ્થાનિક પદાધિકારીઓ, અને વન અધિકારીઓએ ઉપસ્થિત રહી, લાભાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરુ પાડ્યુ હતુ.

નરેન્દ્ર પવાર,ડાંગ



મહિસાગર જીલ્લા ના વિરપુર તાલુકાના પાંટા ગામમાં શિવરામ સેવાશ્રમ ખાતે જયોતિ પાટોત્સવ નુ આયોજન કરવામાં આવ્યું સદર આશ્રમ ડાકોર શિવરામ પંચવટી સેવાશ્રમ ની એક શાખા દ્વારા સ્થાપવામાં આવેલ છે તેમાં ત્રણ જિલ્લા મહિસાગર, ખેડા,અને અરવલ્લી જિલ્લાના આશરે બસ્સો થી ત્રણસો જેટલા ગામડાઓના શિષ્યસમાજ વ્યસન મુકત બની આધયાત્મિક પંથે પોતાનુ જીવન કંડારવા પ્રયત્નશીલ છે.સદર પાટોત્સવના દાતા શ્રી એસ.એમ ખાંટ સાહેબ દ્વારા સદર કાર્યક્રમ માં પચાસ જેટલી વિધવા બહેનોને સાડીઓ આપી સન્માન કરવામાં આવ્યું આ જયોતિ પાટોત્સવ ભક્તિમય બની ઉજવવામા આવ્યો તા ૨. ૨.૨૨ ને મહા સુદ બીજના દિવસે ભક્તિમય વાતાવરણમાં આનંદ પૂર્વક ઉજવવામાં આવ્યો. ભીખાભાઈ માછી

## વિનામૂલ્યે નેત્રમણિ પુરૂં પાડનારૂં ગુજરાત પ્રથમ રાજ્ય છે -: મુખ્યમંત્રીશ્રી

# ગુજરાતને મોતિયા - અંધત્વમુકત રાજ્ય બનાવવાની ઝૂંબેશનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મોતિયા-અંધત્વમુકત ગુજરાત ઝૂંબેશનો ગાંધીનગરથી પ્રારંભ કરાવતાં આગામી વર્ષ ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં અંધત્વનો દર ઘટાડીને ૦.૨૫ ટકા સુધી લઇ જવાનો ધ્યેય દર્શાવ્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ રાજ્યમાં અમલી છે. ગુજરાતમાં ૨૦૧૪માં થયેલા સર્વે મુજબ અંધત્વનો જે દર ૦.૭ ટકા હતો તે ઘટીને ૨૦૧૮-૧૯માં ૦.૩૬ ટકા થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ મોતિયા-અંધત્વમુકત ગુજરાતની આ ઝૂંબેશનો રાજ્યવ્યાપી પ્રારંભ આરોગ્ય રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો.ધારાસભ્ય શ્રીશંભૂજી ઠાકોર, ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા, ઉપ મેયર શ્રી પ્રદ્યુમન સિંહ ગોલ,જિલ્લા પંચાયત પ્રમુખ તેમજ પદાધિકારીઓ પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આંખનીતથા મોતીયાવિંદની તપાસ કરાવવા આવેલા લાભાર્થીઓ સાથે વાતચીત કરી આંખના તબીબો દ્વારા થઈ રહેલી સારવાર તપાસ પણ નિહાળી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, મોતિયાની અસર સામાન્ય રીતે ૫૦ વર્ષ પછીની ઉંમરે થતી હોય છે. આની સારવાર સરળ શસ્ત્રક્રિયા દ્વારા નેત્રમણિ મુકાવીને કરાવી શકાય છે.

ગુજરાતમાં આ હેતુસર આરોગ્ય વિભાગે તમામ જિલ્લા કક્ષાની તેમજ તાલુકા કક્ષાની હોસ્પિટલોમાં મોતિયા ઓપરેશન માટે ઈન્ફ્રાસ્ટ્રકચર અને અદ્યતન સાધનો ઉપલબ્ધ કરાવ્યા છે એમમુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પ્રતિ ૧૦ લાખની વસ્તીએ ૧૦૦૦થી વધુ મોતિયા ઓપરેશન દર હાંસલ કરીને ગુજરાત અગ્રેસર રહ્યું છે તેમ પણ ઉમેર્યુ હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સામાન્ય રીતે ખાનગી હોસ્પિટલોમાં જેનો ખર્ચ ૧૦ થી ૫૦ હજાર રૂપિયા જેટલો થાય તેવી ફેકો ઇમલ્સીફિકેશન દ્વારા નેત્રમણિવાળા ઓપરેશન ગુજરાતમાં સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે કરવામાં આવે છે.

એટલું જ નહિ, સમગ્ર દેશમાં હાઇડ્રોફોબીક ઇન્ટ્રા ઓક્યુલર લેન્સ વિનામૂલ્યે પુરૂં પાડનારૂં એકમાત્ર રાજ્ય ગુજરાત છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશમાં મોતિયાના કારણે અંધ હોય તેવા વ્યક્તિઓની શસ્ત્રક્રિયા કરીને મોતિયા અંધત્વમુકત રાષ્ટ્રનિર્માણનો નિર્ધાર કર્યો છે.

ગુજરાત પ્રધાનમંત્રીશ્રીના આ નિર્ધારને સંપૂર્ણતઃ પાર પાડવા પ્રતિબદ્ધ છે. તેની ભૂમિકા શ્રી ભૂપેન્દ્ર પટેલે આપી હતી.

તેમણે કહ્યું કે, રાજ્યમાં બેય આંખે મોતિયાના કારણે અંધ હોય એટલે કે જેમની દ્રષ્ટિ બંને આંખે ૩ મીટર કરતાં પણ ઓછી હોય તેવી તમામ વ્યક્તિઓને શોધીને મોતિયા-અંધત્વમુકત ગુજરાતની આ ઝૂંબેશ અન્વયે સરકારી હોસ્પિટલો અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં વિનામૂલ્યે ઓપરેશન કરવાનું આયોજન હાથ ધર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત શાળા આરોગ્ય કાર્યક્રમમાં ૧૮ વર્ષ સુધીના બાળકોની દ્રષ્ટિ ચકાસણી કરીને ખામી ધરાવતા તમામ બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ દ્રષ્ટિ તેવી સૃષ્ટિની વિભાવના સમજાવતાં કહ્યું કે, સ્વસ્થ દ્રષ્ટિ માટે સ્વસ્થ ખોરાક પણ એટલો જ જરૂરી છે.

પ્રધાનમંત્રીશ્રીએ સ્વસ્થ ખોરાક, રાસાયણિક ખાતરમુકત ખાદ્યાન્ન માટે પ્રાકૃતિક ખેતીનું જે આહવાન કર્યુ છે તેને અપનાવી સ્વસ્થ ખોરાકથી સ્વસ્થ દ્રષ્ટિ અને સ્વસ્થ-સમૃદ્ધ ગુજરાતની નેમ પાર પાડવા તેમણે અનુરોધ કર્યો હતો.

શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ઝૂંબેશમાં સેવાદાન, સમયદાન અને યોગદાન આપી રહેલા સૌ સેવા કર્મીઓની સરાહના પણ કરી હતી.

રાજ્ય આરોગ્યમંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારે મોતિયા અંધત્વ મુકત ગુજરાત ઝુબેશના શુભારંભ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશભરમા રાષ્ટ્રિય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ દ્વારા નાગરિકોને દ્રષ્ટિ આપવા માટે હાકલ કરી છે એ સંદર્ભે પણ ગુજરાત દેશને નવો રાહ ચીંધશે એવો મને દ્રઢ વિશ્વાસ છે.

મંત્રી શ્રીમતી સુથારે ઉમેર્યુ કે,સામાન્ય રીતે ૫૦ વર્ષ ઉપરના લોકોમા મોતિયાના કેસ જોવા મળે છે આવા નાગરિકોને શોધીને છેવાડાના વિસ્તાર સુધી સ્કીનીગ કરીને મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે કરી મોતિયા અંધત્વ મુકત ગુજરાતના પ્રયાસો રાજય સરકાર કરશે.રાજયમાં સરકારની સાથે સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ મોતિયાના ઓપરેશનો માટે ઉમદા કામગીરી કરી રહી છે એમને સૌને અભિનંદન આપીને આ ઝૂબેશમા વધુને વધુ સહયોગ આપવા તેમણે અપીલ કરી છે.

તેમણે ઉમેર્યુ કે,આપણા બાળકોની પણ દ્રષ્ટિની ચકાસણી માટે પ્રતિવર્ષ યોજાતા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ચકાસણી કરવામા આવે છે અને પ્રતિવર્ષ જરૂરિયાત બાળકોને વિનામૂલ્યે ચશ્માનુ વિતરણ પણ કરવામા આવે છે.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે કહ્યું કે, ઉંમર વધતા દષ્ટિની ખામી સર્જાતી હોય છે. ૫૦ વર્ષની ઉંમર બાદ મોતિયાનું ઓપરેશન કરાવવું પડતુ હોય છે. જો તે ન થાય તો સમય જતા દ્રષ્ટિહીનની ખામી સર્જાય છે. રાજય સરકાર દ્વારા ગુજરાતને મોતિયા અંધત્વથી મુક્ત કરવા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જેમાં આશાબહેનો અને આરોગ્યની ટીમ છેવાડાના માનવી સુધી પહોંચી આંખોની તપાસ કરી જરૂરિયાતમંદને સ્વૈચ્છિક સંસ્થાઓ/હોસ્પિટલો સુધી પહોંચાડી સારવાર અપાવશે. જે માટે આશાબહેનોને રૂ. ૩૫૦ની સહાય પણ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.

આરોગ્ય કમિશનર જય પ્રકાશ શિવહરેએ સૌનું સ્વાગત કર્યું હતું.

આ ઝુંબેશ પ્રારંભ વેળાએ આરોગ્યના અધિક મુખ્ય સચિવશ્રી મનોજ અગ્રવાલ,નેશનલ હેલ્થ મિશનના ડાયરેકટર સુશ્રી રેમ્યા મોહન,કલેકટર કુલદીપ આર્ય,મ્યુનિસિપલ કમિશનર ધવલ પટેલ સહિત લાભાર્થીઓ,તબીબો અને આરોગ્ય સેવાકર્મીઓ અને ગાંધીનગર શહેર તથા જિલ્લાના પદાધિકારીઓ પણ જોડાયા હતા.

સીએમ-પીઆરઓ/ દિલીપ ગજ્જર/ધવલ શાહ/ભરત ગાંગાણી

## મૈસુર એસોસિએશન દ્વારા 'ગ્લોબલ કચ્છ મીટનું આયોજન

# કચ્છના ગામડાની સમૃદ્ધિ અને હરિયાળી માટે દરેક ગામમાં એક કરોડ રૂપિયા ખર્ચાશેઃ ગિરીશભાઈ જયંતિલાલ શાહ

ભૂમિના સર્વાંગી વિકાસ માટે ૧ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ મુંબઈમાં એક બેઠક યોજાઈ હતી જેમાં મુંબઈ શહેરના અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. આ પ્રસંગે કચ્છના ૨૫ ગામોના પ્રતિનિધિઓ - મહાજન પણ ઉપસ્થિત રહ્યા હતા, જેનો ઉદ્દેશ્ય એ હતો કે મુંબઈના દાતાઓ કચ્છના વિકાસમાં ફાળો આપે જેથી વર્તમાન પડકારોનો ત્યાં સામનો કરી શકાય. આ કાર્યક્રમમાં સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી અને એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના સભ્ય ગિરીશભાઈ જયંતિલાલ શાહ દ્વારા ખાસ કચ્છના વિકાસ પર વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. જેના કારણે પ્રવચન દરમિયાન પધારેલા તમામ મુલાકાતીઓ અને મહાનુભાવોએ કચ્છના ગામડાના વિકાસ માટે સામૂહિક સંકલ્પો લીધા હતા. તેમણે કોઈપણ કાર્ય ભાગીદારી વિના અધૂરું હોવાનું જણાવાયું હતું. સહભાગિતા પર આધારિત આ ઠરાવમાં ગૌચર વિકાસ, નદીઓની સફાઈ, જૂના તળાવોનું પુનઃનિર્માણ , દેશી વૃક્ષોનું વાવેતર અને ગાયોના રક્ષણ માટે વિશેષ ઠરાવનો સમાવેશ થાય છે. ગિરીશભાઈ જયંતિલાલ શાહે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, કચ્છ પ્રોજેક્ટ- "સમસ્ત મહાજન ગ્રામીણ વિકાસ કચ્છ પ્રોજેક્ટ" માટે ૧ ગામમાં ૧ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે જેમાં ૫૦% રકમ મુંબઈના દાતાઓ આપશે અને ૫૦% રકમ ગ્રામવાસીઓ આપશે. ગિરીશભાઈ એ એવી પણ માહિતી આપી હતી કે આ પ્રોજેક્ટ સમસ્ત મહાજન અને ગ્લોબલ કચ્છના સંકલિત પ્રયાસોથી હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટનો ધ્યેય એ છે કે કચ્છના તમામ ગ્રામજનો સુખી અને સમૃદ્ધ બને અને ટકાઉ ખેતી વ્યવસ્થા મેળવે. તેમણે માહિતી આપી હતી કે કચ્છમાં ગામોની સંખ્યા ૯૨૪ છે અને ગ્રામ પંચાયતોની સંખ્યા ૬૩૨ છે, જેને આવરી લેવામાં આવશે. તેમના સંબોધનમાં ગિરીશભાઈ એ એમ પણ કહ્યું કે આ કાર્યમાં ઘણા પડકારો છે કારણ કે વિકાસ કરવાના ક્ષેત્રોમાં ૪૫,૬૭૬ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પાણી વ્યવસ્થાપન, ઉપયોગી વૃક્ષોનું વાવેતર, ગોચરનો વિકાસ અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટેની ટેકનોલોજીનો સમાવેશ થાય છે. સમગ્ર ગુજરાતના ૨૩.૨૭% વિસ્તારને આવરી લેતું વિશાળ કચ્છનો વિકાસ કરવામાં આવશે. જેથી કરીને કચ્છના લોકોના કલ્યાણની સાથે કચ્છના પશુ-પક્ષીઓને પણ લાભ મળી શકે. તેમણે કહ્યું કે, કચ્છમાં કુલ ૩૬૬ પ્રજાતિના પક્ષીઓ વસવાટ કરે છે, જેઓ આજે પર્યાવરણીય પ્રદૂષણ અને હવામાન પરિવર્તનથી પ્રભાવિત થઈ રહ્યા છે તેમને બચાવવા માટે પણ અમારા પ્રયાસો કરવામાં આવશે. આ કાર્યક્રમથી પશુ-પક્ષીઓનું સંરક્ષણ અને સંવર્ધન પણ કરવામાં આવશે, જેમાં ગૌશાળાના વિકાસથી માંડીને ૧૬ પ્રકારના વૃક્ષોનું વાવેતર, જૈવિક ખેતી ખૂબ જ ઉપયોગી છે, જેથી લોકોને રોજગારી અને આવક મળે. ગિરીશભાઈ એ વધુમાં જણાવ્યું હતું કે, કચ્છના આ પ્રોજેક્ટમાં વાઈલ્ડ બેબીલોન (પ્રોસોપીસ જુલીફ્લોરા) નામની ઝાડીઓ સાફ કરીને તેને દૂર કરીને ખેતી માટે યોગ્ય બનાવવાની રહેશે, ત્યારબાદ ત્યાં જળ વ્યવસ્થાપન, ચરાઈ વિકાસ અને વૃક્ષારોપણ કરવામાં આવશે. ગ્લોબલ કચ્છના તમામ નાણા લેનારા અને સંલગ્ન સંસ્થાઓ સાથે ગ્રામજનોની સમાન ભાગીદારી રહેશે જેથી અપેક્ષિત સફળતા મળી શકે. દરેક વ્યક્તિએ પોતપોતાના ગામોને આત્મનિર્ભરતા તરફ લઈ જવા જોઈએ. આવા કાર્યક્રમો માત્ર ગુજરાત પૂરતા મર્યાદિત નહીં રહે પરંતુ ભારતના ૬.૫૦ લાખ ગામડાઓમાં લઈ જવામાં આવશે જેથી દેશના દરેક ગામને ×સોને કી ચિડિયા× નું ખોવાયેલું સન્માન મળી શકે. આ કાર્યક્રમમાં ગિરીશભાઈ શાહ સાથે શાસન રત્ન નરેન્દ્રભાઈ નંદન (નવકાર મંત્ર આરાધક) , દીપકભાઈ ભેદા (સંસ્થાપક ટ્રસ્ટી, કચ્છી જૈન ફાઉન્ડેશન) , દિનેશભાઇ ભાનુશાળી (ભાનુશાળી સમાજ), શાંતિલાલ રતનશી રૂદાની( ટ્રસ્ટી- કચ્છી કડવા પાટીદાર ટ્રસ્ટ ) , મહેન્દ્રભાઈ સંગોઈ સહિતના મુખ્ય મહેમાનોએ હાજરી આપી હતી.

# બનાસકાંઠામાં મકાન ભાડે આપતાં પહેલા પોલીસને જરૂરી માહિતી આપવાની રહેશે

બનાસકાંઠા બ્યુરો ,રિપોર્ટ : દીલીપ ગોહીલ

ગુપ્ત ચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં અને ગીચ વસતીવાળા વિસ્તારમાં ગુપ્ત ચર આશરો મેળવી જાહેર શાંતિ અને સલામતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. આવા તત્વો માનવ જીંદગી ખુવાર કરી લોકો અને જાહેર સંપત્તિને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતાં આવા તત્વોનો કોઇના મકાન ભાડે રાખી રહેતાં હોય છે અને જગ્યાએ વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતાં હોય છે. જેથી મકાન ભાડે આપતાં મકાન માલિકો ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું રાજ્ય અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે. બનાસકાંઠા જીલ્લા મેજીસ્ટ્રેટ (આઇ.એ.એસ.) આનંદ પટેલે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂએ ફરમાવ્યું છે કે, સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં શહેરી અને ગ્રામિણ વિસ્તારમાં કોઇ મકાન/ઓધૌગિક એકમોના માલિકે અગરતો મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલક જયારે મકાન, ઓધૌગિક એકમ ભાડે આપે ત્યારે તે અંગેની જાણ ફોટોગ્રાફસ સાથે સબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનમાં વિગતો આપવાની રહેશે. જેમાં મકાન માલિકનું નામ અને ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં છે. મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, મકાન કયારે ભાડે આપેલ છે. જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે.

તેમના નામ, સરનામા, ફોટા, પાસપોર્ટ, ડ્રાઇવીગ લાયસન્સ, પાનકાર્ડ પૂરાવા રૂપે સાથે આપવા, મકાન માલિકને ભાડુઆતોનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર, પાસપોર્ટ, ડ્રાઇવીગ લાયસન્સ અને પાનકાર્ડ પૂરાવા રૂપે સાથે આપવાના રહેશે. આ હુકમ તા. ૧૧/૦૩/૨૦૨૨ સુધી અમલમાં રહેશે. આ હુકમ અન્વયે બનાસકાંઠા જીલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકના દરજ્જાથી પોલીસ સબ ઇન્સપેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર શખ્સો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ અને ગુ.પો.અધિ.ક.-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

# ઉત્તર ભારતમાં હિમવર્ષાનાં કારણે રાજયમાં ઠંડીમાં વધારો થયો

અમદાવાદ,તા.૫

ચાલુ વર્ષમાં ઠંડીને લઈને ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. જેમાં ખાસ કરીને ઉત્તર ભારતમાં હિમવર્ષા થવાને કારણે છેલ્લા થોડા દિવસથી ઠંડીમાં અચાનક જ વધારો નોંધાયો છે. જેમાં અમદાવાદમાં આજે ૧૨ ડિગ્રી સાથે ઠંડીમાં વધારો નોંધાયો છે. બીજી તરફ હવામાન વિભાગ દ્વારા કોલ્ડ વેવ ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે. જેને કારણે હાડ થીજવતી ઠંડી પડે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જણાવી દઈએ કે, રાજ્યમાં ફરી એકવાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઠંડીનો ચમકારો વધશે, આગામી બે દિવસ ઠંડી રહ્યા બાદ લઘુત્તમ તપમાનમાં ધીરે ધીરે વધારો થશે. જો તમે સ્વેટર અને રજાઈઓ મુકી દેવાનુ વિચારતા હોય તો ફરી એકવાર તેની જરૂર પડી શકે છે. ગુજરાતમાં ફરીથી ઠંડી વધવાની આગાહી હવામાન વિભાગે કરી છે. રાજ્યમાં આગામી ૪૮ કલાક તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે. અમદાવાદ આસપાસનાં સ્થળોએ વાદળછાયુ વાતાવરણ રહેવાની શક્યતા દર્શાવાઇ છે.

## મોડાસા M.Sc (CA&IT) કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળકયા




ધી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ M.Sc (CA&IT) કોલેજના વિદ્યાર્થીઓ એ યુનિવર્સિટી ધ્વારા લેવાયેલ માર્ચ જુન ૨૦૨૧ ની સેમીસ્ટર – ૨ ના પરિણામમાં પટેલ આદિત્ય – યુનિ.માં પ્રથમ, જોષિ જહાન્વી– યુનિ.બીજો, પટેલ મીલી – યુનિ. ત્રીજો, જાનિ જાગ્રત – યુનિ. ચોથો, સુથાર ક્રિષ્ણા – યુનિ. પાંચમો, ભાવસાર પાર્થ – નવમો અને પ્રજાપતિ દક્ષેશ – યુનિ. દશમો ક્રમાંક મેળવી યુનિવર્સિટી કક્ષાએ કોલેજ તથા મંડળનું ગૌરવ વધારેલ છે. આ સિધ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવિનચંદ્ર આર.મોદી તથા કોલેજના પ્રભારી મંત્રી શ્રી અરવિંદભાઈ જે.મોદી તથા કોલેજના આચાર્ય શ્રી પરિમલ એમ. શાહ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

## મોડાસા M.Sc (CA&IT) કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળકયા



યુનિ. બીજો

પંચાલ સીમાબેન ડી.



યુનિ. ચોથો

થૈલી મારીયા આર.

ધી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ M.Sc (CA&IT) કોલેજના વિદ્યાર્થીઓ એ યુનિવર્સિટી ધ્વારા લેવાયેલ માર્ચ જુન ૨૦૨૧ ની સેમીસ્ટર – ૪ ના પરિણામમાં પંચાલ સીમાબેન ડી.– યુનિ.માં બીજો (કોલેજમાં પ્રથમ) અને થૈલી મારીયા આર. – યુનિ. ચોથો ક્રમાંક મેળવી યુનિવર્સિટી કક્ષાએ કોલેજ તથા મંડળનું ગૌરવ વધારેલ છે. આ સિધ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવિનચંદ્ર આર.મોદી તથા કોલેજના પ્રભારી મંત્રી શ્રી અરવિંદભાઈ જે.મોદી તથા કોલેજના આચાર્ય શ્રી પરિમલ એમ. શાહ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.